dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 8 | Issue- 47 | AD - 2024, kartak Vad -05 | Wednesday, Dt.20-11-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### બ્રાઝિલના રિયો ડી જાનેરોમાં હાજરી આપ્યા બાદ પ્રધાનમંત્રી મોદીનું સંબોધન

# ભારતે માત્ર કુદરતી અને જૈવિક ખેતી પર નહી, નવી તકનીકો પર ધ્યાન કેન્દ્રીય કર્યું : પ્રધાનમંત્રી

નવીદિલ્હી,તા.૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બ્રાઝિલના પ્રવાસે છે. સોમવારે તેમણે રિયો ડી જાનેરોમાં જી-૨૦ સમિટમાં હાજરી આપી હતી. જી-૨૦ સત્રમાં પોતાના સંબોધનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, "સૌ પ્રથમ તો હું રાષ્ટ્રપતિ લુલાને જી-૨૦ સમિટના આયોજન માટે કરવામાં આવેલી ભવ્ય વ્યવસ્થાઓ અને જી-૨૦ની સફળ અધ્યક્ષતા માટે અભિનંદન આપવા માંગુ છું. નવી દિલ્હીમાં -૨૦ સમિટ એ ખૂબ જ સંતોષની વાત છે કે -૨૦ સમિટમાં લેવાયેલા લોકો-કેન્દ્રિત નિર્ણયો બ્રાઝિલના પ્રેસિડેન્સી દરમિયાન લેવામાં આવ્યા હતા, કે અમે SDG લક્ષ્યોને પ્રાથમિકતા આપી હતી...તે સ્પષ્ટ છે કે એક પૃથ્વી, એક કુટુંબ. આ સમિટમાં ભવિષ્ય એટલું જ સુસંગત છે જેટલું તે ગયા વર્ષે હતું."

સત્રને સંબોધતા પીએમ મોદીએ કહ્યું, "હું કહેવા માંગુ છું કે ગ્લોબલ સાઉથના દેશો વૈશ્વિક સંઘર્ષોને કારણે ખાદ્ય, ઈંધણ અને ખાતરની કટોકટીથી સૌથી વધુ પ્રભાવિત છે. તેથી જો આપણે પડકારોનો સામનો કરીશું તો જ અમારી ચર્ચા સફળ થઈ શકશે. ગ્લોબલ સાઉથની અને પ્રાથમિકતાઓને ધ્યાનમાં રાખશે." અને જેમ અમે નવી દિલ્હી સમિટ દરમિયાન આફ્રિકન યુનિયનને જી-૨૦નું કાયમી સભ્યપદ આપીને ગ્લોબલ સાઉથને અવાજ આપ્યો,



અમે વૈશ્વિક શાસનની સંસ્થાઓમાં સુધારો કરીશું."

પીએમ મોદીએ કહ્યું કે, "દુનિયાની સૌથી મોટી પાક વીમા યોજના હેઠળ ચાર કરોડથી વધુ ખેડૂતોને ૨૦ બિલિયન યુએસ ડોલરનો લાભ મળ્યો છે . તેમણે કહ્યું કે ભારત વિવિધ દેશોમાં ખાદ્ય પદાર્થો મોકલીને વૈશ્વિક ખાદ્ય સુરક્ષામાં પણ યોગદાન આપી રહ્યું છે. તેમણે કહ્યું, "અમે માત્ર કુદરતી ખેતી અને જૈવિક ખેતી પર જ ધ્યાન કેન્દ્રિત કર્યું નથી પરંતુ નવી તકનીકો પર પણ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. અમે શ્રી અન્ન અથવા બરછટ અનાજને પ્રોત્સાહન આપીને ટકાઉ કૃષિ, પર્યાવરણ સંરક્ષણ, પોષણ અને ખાદ્ય સુરક્ષા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે." વડાપ્રધાન મોદીએ કહ્યું કે ભારતે ૨૦૦૦ થી વધુ આબોહવા-અનુકૂળ પાકની જાતો વિકસાવી છે અને 'ડિજિટલ એગ્રીકલ્ચર મિશન' શરૂ કર્યું છે. તેમણે કહ્યું, "ભારતના ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરે સામાજિક અને નાણાકીય સમાવેશને સક્ષમ બનાવ્યો છે. "એસ્પિરેશનલ ડિસ્ટ્રિક્ટ્સ અને બ્લોક્સ પ્રોજેક્ટ સાથે, અમે સર્વસમાવેશક વૃદ્ધિ માટે એક નવું મોડલ બનાવ્યું છે જે સૌથી નબળી કડીઓને મજબૂત બનાવે છે."

પીએમ મોદીએ કહ્યું, "તે ખૂબ જ સંતોષની વાત છે કે અમે એસડીજી (સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ)ને પ્રાથમિકતા આપી છે. અમે સર્વસમાવેશક વિકાસ, મહિલા-આધારિત વિકાસ અને યુવા શક્તિ પર ધ્યાન કેન્દ્રિત કર્યું અને 'ગ્લોબલ સાઉથ'ની આશાઓ અને આકાંક્ષાઓને પાંખો આપી તે સ્પષ્ટ છે કે એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્ય (થીમ) તે આ સમિટમાં એટલી જ સુસંગત છે. જેમ કે તે ગયા વર્ષે હતું." અગાઉ અહીં પીએમ મોદી યુએસ પ્રમુખ જો બિડેનને મળ્યા હતા. બિડેન સાથેની તસવીર ટ્વિટ કરતી વખતે વડાપ્રધાને લખ્યું કે તમને મળીને હંમેશા આનંદ થાય છે. આ દરમિયાન પીએમ મોદીએ સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસ સહિત ઘણા દેશોના રાષ્ટ્રપતિઓને પણ મળ્યા હતા.

## પીએમ મોદીની ઈટાલી, પોર્ટુગલ, નોર્વેનાં વડાઓ વચ્ચે મુલાકાત




વડાપ્રધાન નરેન્દ્ર મોદી જી ૨૦ સમિટમાં ભાગ લેવા માટે બ્રાઝિલના શહેર રિયો ડી જાનેરો પહોંચ્યા છે. આ દરમિયાન તેઓ જી-૨૦ સંમેલન દરમિયાન ઈટાલી, ઈન્ડોનેશિયા, નોર્વે અને પોર્ટુગલ સહિતના ઘણા દેશોના નેતાઓને મળ્યા હતા. આ બેઠક દરમિયાન બંને દેશો વચ્ચેના સંબંધો સુધારવા અને મજબૂત કરવાના માર્ગો પર ચર્ચા કરવામાં આવી હતી. મોદીએ તેમના ઇટાલિયન સમકક્ષ જ્યોર્જિયા મેલોની સાથે મુલાકાત કરી હતી. આ દરમિયાન સુરક્ષા, વેપાર અને ટેક્નોલોજીના ક્ષેત્રોમાં સંબંધોને ગાઢ બનાવવાના માર્ગો પર ચર્ચા કરવામાં આવી હતી. નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા સાઇટ X પર આ અંગે એક પોસ્ટ શેર કરી છે.

# દિલ્હીમાં પ્રદુષણ ખતરનાક સ્તરે, AQI ૫૦૦ને પાર

### ક્રોનિક રોગોથી પીડિતોને ઘરમાં જ રહેવાની સલાહ

ન્યુ દિલ્હી,તા.૧૯

દિલ્હીમાં પ્રદૂષણનું સ્તર ખતરનાક સ્તરે છે. મંગળવારે સવારે દિલ્હીના ઘણા વિસ્તારોમાં AQI ૫૦૦ને પાર નોંધાયો હતો. દિલ્હીનો સરેરાશ AQI ૪૯૪ નોંધાયો હતો, જે આ સિઝનમાં સૌથી વધુ છે. દિલ્હી-એનસીઆરમાં ધોરણ ૧૦ સુધીની સ્કૂલો પહેલાથી જ ઓનલાઈન થઈ ગઈ હતી. સોમવારે સુપ્રીમ કોર્ટની



ઝાટકણી બાદ ૧૧મા-૧૨માના વર્ગ ઓનલાઈન ચલાવવાના આદેશ આપવામાં આવ્યા છે. તેમજ, ડીયુ અને જેએનયુની કોલેજોમાં વર્ગો ૪ દિવસ માટે ઓનલાઈન જ ચાલશે. વધતા પ્રદૂષણને ધ્યાનમાં રાખીને, કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટ (CAQM) એ ૧૮ નવેમ્બરથી દિલ્હી-NCRમાં સંશોધિત ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન (GRAP) ના ચોથા તબક્કાનો અમલ કર્યો છે. ઉપરાંત, બાળકો, વૃદ્ધો, શ્વસન અને હૃદયના દર્દીઓ અને જેઓ ક્રોનિક રોગોથી પીડિત છે તેમને ઘરમાં જ રહેવાની સલાહ આપવામાં આવી છે.

## હાર્દિક અભિનંદન-જાહેર આભાર

હર હંમેશ લોકોના પ્રશ્નોને દીર્ઘ દ્રષ્ટિથી ગુજરાત સરકાર સુધી પહોંચાડનાર અમરેલી કુંકાવાવ મત વિસ્તારના ધારાસભ્ય નાયબ મુખ્ય દંડક શ્રી કૌશિકભાઈ વેકરીયા આ દ્વારા વિસ્તારના પ્રાણપ્રશ્ન સમાન રોડ નવીનીકરણ માટે મુખ્યમંત્રીને રજુઆત કરી અમરેલી નાનાઆંકડીયા ચિત્તલ રોડના ૧૬.૫ કિ.મિ. માર્ગને ૩.૭૫ થી ૭ મીટર પહોળો કરવા રૂા. ૪૧ કરોડ તેમજ ચિત્તલ રાંઢીયા-લુણીધાર ૧૧ કિ.મિ. માર્ગને ૩.૭૫ થી ૭ મીટર પહોળો કરવા રૂા. ૩૬.૨૦ કરોડ તેમજ બાબરા ચિત્તલ સ્ટેટ હાઈવેને નાના માચીયાળા બાયપાસથી ઠેબી ડેમના પાળા સુધીના માર્ગ ને ફોર લેન બનાવવા રૂા.૧૨.૭૫ કરોડ મંજુર કરાવવા બદલ ચિત્તલ ગ્રામ પંચાયત તથા ચિત્તલ ગામ ભાજપ પરિવાર અને સમસ્ત ચિત્તલ ગ્રામજનો મા.મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તેમજ નાયબ મુખ્ય દંડકશ્રી કૌશિકભાઈ વેકરિયાનો સહૃદય આભાર માને છે તેમજ તેઓ પોતાની રાજકીય કારકિર્દીમાં લોકપ્રશ્નોને હંમેશા અગ્રેસર રાખે તેવી આશા સાથે લાખ લાખ અભિનંદન...........



મુખ્યમંત્રી
શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ

ધારાસભ્ય - નાયબ મુખ્ય દંડક
શ્રી કૌશિકભાઈ વેકરિયા

પ્રધાનમંત્રી
શ્રી નરેન્દ્રભાઈ મોદી

### જશવંતગઢ- ચિત્તલ ગ્રામ પંચાયત તથા ભાજપ આગેવાનો તથા ગ્રામજનો

| | | |
|---|---|---|
| શ્રી અશોકભાઈ માંગરોળીયા (જશવંતગઢ-સરપંચ) | શ્રી વિજયભાઈ દેસાઈ (ઉપ પ્રમુખ વિ.હિ.પ. અમરેલી) | શ્રી સુરેશભાઈ પાથર (ઉપપ્રમુખ જી.પં.અમરેલી) |
| શ્રી લક્ષ્મણભાઈ સોરઠીયા | શ્રી જે.બી. દેસાઈ (કારોબારી ચેરમેન તા.પ.અમરેલી) | શ્રીમતી નીતાબેન પાથર (સરપંચ-ચિત્તલ) |
| શ્રી લાલજીભાઈ દેસાઈ | | |
| શ્રી મનસુખભાઈ મેશીયા | શ્રી દાસભાઈ મેશીયા | શ્રી રઘુવિરસિંહ સરવૈયા |
| શ્રી જયસુખભાઈ ધંધુકીયા | શ્રી ઉદયભાઈ દવે | શ્રી ધર્મેન્દ્રભાઈ સરવૈયા |
| શ્રી ભુપતભાઈ માંગરોળીયા | શ્રી મનુભાઈ અસલાલીયા | શ્રી જાલાભાઈ ચૌહાણ |
| શ્રી મગનભાઈ દેસાઈ | શ્રી સુરેશભાઈ તળાવીયા | શ્રી રાજુભાઈ કાબરીયા |
| શ્રી મધુભાઈ ગેડીયા | શ્રી હસુભાઈ ધાનાણી | શ્રી હરેશભાઈ બાબરીયા |
| શ્રી અર્પણભાઈ પરમાર | શ્રીમતી રંજનબેન ડાભી | શ્રી જગુભાઈ દેસાઈ |
| શ્રી મોતીભાઈ કાનાણી | શ્રી વિનુભાઈ હીરપરા | શ્રી મહોબતસિંહ ઠાકોર |
| શ્રી હકાભાઈ રાદડીયા | શ્રી ભનુભાઈ ભરવાડ | શ્રી દશરથસિંહ સરવૈયા |
| શ્રી જીતુભાઈ ખાતરા | શ્રી અરવિંદભાઈ મેસીયા | શ્રી મનસુખભાઈ નાડોદા |
| શ્રી મધુભાઈ ભાલાળા | શ્રી જેઠાભાઈ ભીમાણી | શ્રી જયંતીભાઈ દેસાઈ |
| શ્રી ઘનશ્યામભાઈ માંગરોળીયા | શ્રી ચંદુભાઈ મેસીયા | શ્રી નરૂભાઈ પંડયા |
| શ્રી કાળુભાઈ ધામી | શ્રી ભીખુભાઈ મીસ્રી | શ્રી જયેશભાઈ નાકરાણી |
| શ્રી મનસુખભાઈ માંગરોળીયા | શ્રી જીગ્નેશભાઈ દેસાઈ | શ્રી રવજીભાઈ લીંબાસીયા |
| શ્રી રમેશભાઈ સોરઠીયા | શ્રી અરવિંદભાઈ દેસાઈ | શ્રી મહેશભાઈ બાબરીયા |
| શ્રી વિ.ડી.લીંબાસીયા | શ્રી લક્ષ્મીશંકર ગોર | શ્રી રાજુભાઈ ધાનાણી |
| શ્રી સંજયભાઈ લીંબાસીયા | શ્રી ભાવેશભાઈ દેસાઈ | શ્રી આશિષભાઈ હીરાણી |
| શ્રી બીપીનભાઈ દવે | શ્રી પ્રવીણભાઈ તરવાડીયા | શ્રી જગદીશભાઈ સંઘાણી |
| શ્રી ચંદુભાઈ બુધેલીયા | શ્રી ભાર્ગવભાઈ માંગરોળીયા | શ્રીમતી રંજનબેન બાબરીયા |
| શ્રી પરેશભાઈ નાડોદા | શ્રી ચંદુભાઈ બુંધેલીયા | શ્રી પરેશભાઈ નાડોદા |

સૌજન્ય :: ચિત્તલ જશવંતગઢ ભાજપ પરિવાર ગ્રામજનો

# સુપ્રિમ કોર્ટ સહિત ત્રણને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી



ન્યુ દિલ્હી,તા.૧૯

સોમવારે મોડી રાત્રે પ્રયાગરાજ રેલવે સ્ટેશન, અલ્હાબાદ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી છે. શ્રી કૃષ્ણ જન્મભૂમિ મુક્તિ નિર્માણ ટ્રસ્ટના પ્રમુખ અને જન્મભૂમિ-શાહી ઈદગાહ કેસમાં દાવો દાખલ કરનાર વ્યક્તિ આશુતોષ પાંડેના વોટ્સએપ પર ધમકીભર્યો વૉઈસ મેસેજ આવ્યો હતો. આજે અલ્હાબાદ હાઈકોર્ટમાં મથુરા શ્રી કૃષ્ણ જન્મભૂમિ-શાહી ઈદગાહ કેસમાં પણ સુનાવણી છે. આશુતોષનો દાવો છે - વોઈસ મેસેજ પાકિસ્તાની નંબર પરથી આવ્યો છે. મથુરાના આશુતોષ પાંડેને પાકિસ્તાની નંબર પરથી ગઈરાત્રે ૧:૩૭ થી ૧:૪૦ વાગ્યાની વચ્ચે વોટ્સએપ પર ૬ ધમકીભર્યા વોઈસ મેસેજ મળ્યા હતા.આ પછી રાત્રે ૨.૩૬ કલાકે વોટ્સએપ કોલ દ્વારા ધમકી આપવામાં આવી હતી. આશુતોષ શ્રી કૃષ્ણ જન્મભૂમિ શાહી ઈદગાહ કેસમાં પક્ષકાર છે. તેઓ શ્રી કૃષ્ણ જન્મભૂમિ મુક્તિ નિર્માણ ટ્રસ્ટના અધ્યક્ષ પણ છે.









સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
બુધવાર, તા.૨૦-૧૧-૨૦૨૪

# અમરેલીમાં વિલંબિત ચાર્જના નામે કરોડો રૂપિયા ખંખેરવાનું PGVCLનું કારસ્તાન

**સમયસર ઓનલાઇન પેમેન્ટ કરો અને PGVCL ના કર્મચારી ગ્રાહકના ખાતામાં પૈસા જમા ન કરે તો પણ વિલંબિત ચાર્જ**

અમરેલી, તા.૧૯

એક તરફ સામાન્ય માણસ મોંઘવારીનો માર ખાઈ રહ્યો છે ત્યારે અમરેલી શહેરમાં પીજીવીસીએલ કચેરી દ્વારા વિલંબિત ચાર્જના નામે ગ્રાહકો પાસેથી કરોડો રૂપિયા ખંખેરવાનું કારસ્તાન સામે આવ્યું છે.એક તરફ સરકાર ઓનલાઈન પેમેન્ટની વાતો કરી રહી છે. અને ગ્રાહકો ઓનલાઈન પેમેન્ટ કરે ત્યારે ઓનલાઈન પેમેન્ટ કરતા ગ્રાહકોને અમરેલી પીજીવીસીએલ કચેરીના કડવા અનુભવો થઈ રહ્યા હોવાનું સામે આવ્યું છે.પીજીવીસીએલ કચેરીમાં કોઈપણ ગ્રાહક ઓનલાઈન પેમેન્ટ કરે તેની જાણ ઈમેલ અને ટેલીફોનિક મેસેજથી કરેલ છતાં પણ પછીના બિલમાં આ બિલ બાકી છે તેવું કહી અને






વિલંબિત ચાર્જના નામે મસમોટી ઉઘરાણી કરવામાં આવે છે. પીજીવીસીએલ કચેરીમાં જ્યારે પણ ગ્રાહક ઓનલાઈન પેમેન્ટ કરે ત્યારે તે પેમેન્ટ્ં એટલે કે જે તે ગ્રાહકના ખાતામાં જમા કરવા માટે પીજીવીસીએલ કચેરીમાં કોઈ વ્યવસ્થા જ નથી. આ અંગે જે તે જવાબદાર અધિકારીઓનું પણ ગ્રાહકોએ ધ્યાન દોર્યું છે ત્યારે અધિકારીઓએ પણ લૂલો બચાવ કરતા જણાવ્યું છે કે અમારી પાસે સ્ટાફ નથી જે સ્ટાફને કામગીરી આપી છે તે મહિનામાં જ્યારે પણ એને સમય મળે અનુકૂળતા મળે ત્યારે આ કામ કરે છે.કોઈ ગ્રાહક સમયસર નાણા ભરે છે છતાં પણ બીજી વખત આ જ બિલના વિલંબિતના નામે ચાર્જ વસૂલવામાં આવે તે કેટલું વ્યાજબી છે. એક તરફ સરકાર ડિજિટલની વાત કરે ત્યારે બીજી તરફ પીજીવીસીએલના કર્મચારીઓ પોતાની કામ કરવાની દાનત ન હોવાને કારણે ગ્રાહકો પાસેથી કરોડો રૂપિયાનો ચાર્જ વસૂલ કરી રહ્યા છે. આ અંગે જે તે જવાબદાર કર્મચારીઓ પાસેથી છેલ્લા બે વર્ષની આવા કેટલાક ગ્રાહકોને વિલંબિતના નામે નાણા ઉઘરાવ્યા છે તે પણ તપાસ થવી જોઈએ આ અંગે ઉચ્ચ અધિકારીઓ પોતાની એસી ઓફિસમાંથી બહાર નીકળી અને ગ્રાહકને પડતી મુશ્કેલીઓમાં ધ્યાન આપે તેવી ગ્રાહકોમાંથી માંગ ઉઠી છે.

**વર્ષોથી નિયમિત બિલ ભરતા ગ્રાહકો પાસેથી પણ વિલંબિત ના નામે મસ મોટી રકમ ખંખેરવામાં આવે છે**

ઘણા વર્ષોથી PGVCL કચેરીના એકાઉન્ટમાં ઓનલાઈન પેમેન્ટ કરતા ગ્રાહકો નિયમિત બિલ ભરેલ હોય અને તેની જાણ પણ સમય મર્યાદામાં પીજીવીસીએલ કચેરીને ઈમેલ અને મેસેજથી કરી હોવા છતાં તે પછીના બિલમાં નિયમિત રીતે આવા વિલંબિત ચાર્જના નામે પૈસા ખંખેરવામાં આવે છે જાગૃત ગ્રાહકો આ અંગે પીજીવીસીએલ કચેરીના અધિકારીઓને જાણ કરે તો તેઓ લુખ્ખા આશ્વાસન આપે છે કે પછીના મહિને આવતા બીલમાં આ રકમ નહીં આવે પણ જ્યારે બીજું બિલ આવે તો તેની અંદર આ રકમ ઉમેરાઈને જ આવે છે બીજી નવાઈની બાબતતો એ છે કે સમયસર નાણાં ભર્યા હોવા છતાં પીજીવીસીએલ દ્વારા ઉપરાંત તેની ઉપર 33% જેવું વ્યાજ પણ ખંખેરવામાં આવે છે એક વખત ગ્રાહક નિયમમાં સમયસર સમય મર્યાદામાં બિલ ભરે અને પીજીવીસીએલના કર્મચારીઓ તે બિલ ગ્રાહકના ખાતામાં જમા ન કરે તો પણ ગ્રાહક પાસેથી આવા ચાર્જ વસૂલવામાં આવે છે તે કેટલું વ્યાજબી છે???

**જવાબદાર અધિકારીઓ અને કર્મચારીઓ સામે કાર્યવાહી કરવા માંગ**

શહેરના હજારો ગ્રાહકો પાસેથી વિલંબિતના નામે બિનજરૂરી ચાર્જ અને ચક્રવૃદ્ધિ વ્યાજ વસૂલવાના આ કારસ્તાન સામે જે તે જવાબદાર અધિકારી અને કર્મચારીઓ સામે તપાસ થવી જોઈએ અને આવા જેટલા ગ્રાહકો પાસેથી નાણા ઉઘરાવ્યા હોય તેઓને વ્યાજ સાથે પરત કરવામાં આવે તેવી પણ ગ્રાહકોએ માંગ કરી છે જો એક વખત આવા કર્મચારીઓ અને અધિકારીઓ સામે પગલાં લેવાશે તો બીજા ગ્રાહકો પાસેથી બિનજરૂરી ચાર્જ ઉઘરાવવામાં નહીં આવે તેવું પણ લોકો ઇચ્છી રહ્યા છે.

**ગ્રાહકે રસીદ લેવા ફરજિયાત પીજીવીસીએલ કચેરીએ જવું તેઓ દૂરાગ્રહ**

આજના ડિજિટલ યુગમાં ગ્રાહકોએ ઓફિસ સુધી જવું ન પડે અને ઓનલાઈન જ પેમેન્ટ થાય તેવું વાતાવરણ બની રહ્યું છે ત્યારે અમરેલી પીજીવીસીએલ કચેરીમાં ઓનલાઇન પેમેન્ટ કર્યા પછી પણ તેની રસીદ લેવા માટે ફરજિયાત કચેરીએ ધક્કા ખવડાવવામાં આવે છે આ અંગે જે તે જવાબદાર અધિકારીઓને પૂછતા તેમણે એવું જણાવ્યું છે કે સ્ટાફ ઓછો હોય એટલે રસીદ લેવા માટે ગ્રાહકે ઓફિસે આવવુ પડે છે. તો પછી ઓનલાઈન પેમેન્ટનો મતલબ જ શું રહ્યો ગ્રાહકે ઓફિસે જવાનું જ હોય તો ત્યાં જ પેમેન્ટ કરી દે એટલે ગ્રાહકને પેમેન્ટ ઓનલાઇન પેમેન્ટ કરવાની પળોજણ ન રહે. આજના યુગમાં જ્યારે ઓનલાઇન પેમેન્ટ થતું હોય ત્યારે રસીદ લેવા ફરજિયાત ઓફિસે આવવાનો દુરાગ્રહ કેટલો વ્યાજબી છે? તે પણ એક તપાસનો વિષય છે.

## ધારી-ખાંભાની ખેડૂત બહેનોએ પ્રાકૃતિક કૃષિની તાલીમ લીધી

ધારી, તા.૧૯




પ્રાકૃતિક કૃષિ અભિયાન અંતર્ગત પ્રાકૃતિક કૃષિ બોર્ડના તાલીમ ઘટક હેઠળ ધારી અને ખાંભા તાલુકાના ખેડૂત મહિલા માટે કૃષિ યુનિવર્સિટી ખાતે ત્રીદિવસીય પ્રાકૃતિક કૃષિ વિષયક તાલીમનું આયોજન હાથ ધરવામાં આવ્યુ હતુ.

આ તાલીમમાં ખેડૂત મહિલાઓને પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ, રસાયણમુક્ત ખેતી, ભવિષ્યના વિવિધ ખેતીલક્ષી લાભ સહિતના વિષયોને આવરી લઈ માહિતી આપવામાં આવી હતી. રાજય સરકાર દ્વારા ગૌશાળા, પાંજરાપોળ, સહકારી સંસ્થાઓ, સખીમંડળ અને ખેડૂત ગૃપને પ્રાકૃતિક કૃષિ માટે જરૂરી જીવામૃત, ઘન જીવામૃત, બીજામૃત વિગેરે બનાવી ખેડૂતોને વિતરણ કરવા જરૂરી માળખાકિય સુવિધા માટે સહાય યોજના અમલી છે.

ત્યારે આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે ધારી અને ખાંભાની ખેડૂત મહિલાઓને પ્રાકૃતિક કૃષિ અંગે તાલીમ આપવામાં આવી હતી.

## અમરેલી-બગસરા રોડ પર આવેલી કોલેજ પર સ્ટોપ આપવા માંગ

અમરેલી,તા.૧૯

અમરેલી-બગસરા રોડ રાધેશ્યામ હોટેલ પાસે આવેલી કોલેજના વિદ્યાર્થીઓને બસ પકડવા માટે ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. આ કોલેજમાં બગસરા, ધારી, ચલાલા, ખાંભા સહિતના ગામોમાંથી વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે આવે છે. આવતી વખતે એસ.ટી.બસ કોલેજ પાસે ઉભી રહે છે પરંતુ વિદ્યાર્થીઓ કોલેજથી છૂટે ત્યારે પોતાના ગામ જવા માટે વિદ્યાર્થીઓને ત્રણથી ચાર કિલોમીટર ભર બપોરે ચાલીને જેશીંગપરા જવુ પડે છે. આ તમામ ગામની બસ કોલેજ પાસેથી જ પસાર થતી હોય ત્યારે આ બસનો કોલેજ પાસે સ્ટોપ આપવામાં આવે તેવી વિદ્યાર્થીઓએ માંગ કરી છે.

## અમરેલી જિલ્લામાં મતદાર યાદી સુધારણા ઝુંબેશ અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાયા

અમરેલી,તા.૧૯



અમરેલી જિલ્લાના વિવિધ વિસ્તારોમાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમ, અંતર્ગત ખાસ ઝુંબેશ અંગે નાગરિકોને જાણ કરવા સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. મહત્વનું છે કે, મતદાર તરીકે અગાઉથી નોંધાયેલા છે તેવા નાગરિકોએ મતદાર યાદીમાં નામ, વિગત, ફોટો અચૂક ચકાસી લેવો, જરુર જણાય તો ફેરફાર કરવા માટેની અરજી આપવી. નામ નોંધણી માટે અથવા ફેરફાર માટે વોટર હેલ્પલાઈન મોબાઈલ એપ, www.voterprotal. eci.gov.in, www.nvsp.in પોર્ટલ ઉપરાંત હેલ્પલાઈન નંબર ૧૯૫૦ પર સંપર્ક કરી વિગતો મેળવી શકાશે. ખાસ બાબત છે કે, મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ અંતર્ગત નવેમ્બર-૨૦૨૪ માસની, તા.૨૩-શનિવાર, તા.૨૪-રવિવારના રોજ સવારે ૧૦ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી સંબંધિત વિસ્તારના મતદાન મથક પર સંપર્ક કરવો. મતદારયાદીમાં નાગરિક-મતદાતાના નામ સાથે આધાર લીંક કરવાની સુવિધા ઉપલબ્ધ છે.

## રાજુલા યાર્ડમાં ટેકાના ભાવે મગફળીખરીદીનો શુભારંભ



રાજુલા,તા.૧૯

રાજુલા માર્કેટ યાર્ડ ખાતે ૧૯ નવેમ્બર, ૨૦૨૪ના રોજ સરકારના ટેકાના ભાવે મગફળી ખરીદીનો શુભારંભ કરવામાં આવ્યો. આ પ્રસંગે ધારાસભ્ય હિરાભાઈ સોલંકી અને માર્કેટ યાર્ડ-રાજુલાના પ્રમુખ જીજ્ઞેશભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં રાજુલા ખાંભા તાલુકા સંઘના પ્રમુખ રમેશભાઈ ડોબરીયા, જિલ્લા ભાજપ મહામંત્રી પીઠાભાઈ નકુમ, માર્કેટ યાર્ડના ઉપપ્રમુખ અરજણભાઈ વાઘ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત માર્કેટ યાર્ડના વિવિધ સદસ્યો, ગુજકોમાસોલના પ્રતિનિધિ, વેપારીઓ અને મોટી સંખ્યામાં ખેડૂતભાઈઓએ કાર્યક્રમમાં હાજરી આપી હતી.















વડોદરા, પાવાગઢ, અમદાવાદ, જામનગર સહિત કુલ ૧૦ જગ્યાએ ઘટનાને અંજામ આપનાર

# રાજુલામાં પ્રૌઢના ખિસ્સામાંથી રૂ.૧૦ હજાર સેરવી લેનારી ત્રિપુટી ઝડપાઈ

રાજુલા, તા.૧૯

રાજુલામાં રીક્ષા ડ્રાઈવરની નજર ચૂકવીને ખિસ્સામાંથી રોકડા ૧૦,૦૦૦ કાઢી લેવામાં આવ્યા હતા. આ અંગે મગનભાઈ નાનજીભાઈ ચૌહાણ (ઉ.વ.૬૦) એ દિપક ઉર્ફે રૂત્વીક કરમશીભાઈ સોલંકી, જેનીશ રાજેશભાઈ ચૌહાણ સથા એક મહિલા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ પોતાની રીક્ષાના સ્પેરપાર્ટ લઈને ચાલીને ગેરેજ જતા હતા. તે વખતે સરકારી હોસ્પિટલની સામે આવેલ રોડ ઉપર પહોંચતા તેમની પાસે એક રીક્ષા ઉભી રહી હતી. રીક્ષા ચાલકે તેમને રીક્ષામા બેસવાનુ કહેતા રીક્ષામાં બેસી ગયા હતા. રીક્ષામાં ડ્રાઈવર તથા પાછળની સીટમા એક પુરૂષ તથા એક મહિલા એમ ત્રણ જણા બેઠા હતા. રીક્ષામાં પાછળની



સીટમા બેસેલ વ્યક્તિએ તેમની નજર ચુકવી પેન્ટના ખીસ્સામા રાખેલ રૂ.૧૦,૦૦૦ કાઢી લીધા હતા. આ અંગે રાજુલા પોલીસ ટીમને મળેલ ચોક્કસ બાતમી તથા ટેક્નીકલ સોર્સના આધારે રાજુલા આગરીયા જકાત નાકા પાસેથી સદરહુ ગુન્હામાં ચોરીમાં ગયેલ મુદ્દામાલ સાથે બે પુરૂષ ઈસમો તથા એક મહિલા ઈસમને ઓટો રિક્ષા સાથે પકડી પાડી અનડીટેક્ટ ગુન્હો ડીટેક્ટ કર્યો હતો.

**આરોપીના નામ અને શું મળ્યું**

(૧) દિપક ઉર્ફે રૂત્વીક કરમશીભાઇ સોલંકી (૨) જેનીશ રાજેશભાઇ ચૌહાણ (૩) ચકુબેન પ્રવીણભાઇ વેકરીયા. આરોપીઓ પાસેથી રોકડા રૂ.૯૧૦૦, બજાજ કંપનીની ઇકો ગ્રીન કલરની CNG રિક્ષા કિ.રૂ.૨,૦૦,૦૦૦ તથા એક સેમસંગ કંપનીનો ફોલ્ડ-૪ મોબાઇલ ફોન નંગ-૧ કિ.રૂ.૩૦,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

**આરોપીઓની મોડસ ઓપરેન્ડી**

આરોપીઓ પોતાની ઓટો રિક્ષા લઇ ગુજરાતના અલગ અલગ જીલ્લાઓના ધાર્મિક સ્થોળોએ તેમજ બસ સ્ટેશન પાસે તથા ભીડ ભાડ વાળી જગ્યાઓમા જઇ રિક્ષામા પેસેન્જરને બેસાડી તેના પાસે બેસી આરોપીઓ રિક્ષામા બેસાડેલ પેસેન્જરને સીટમા ધકકા મુકી કરી પેસેન્જરના ખીસ્સમા રહેલ રોકડ રૂપિયાની ચોરી કરતા હતા આ રીતે વડોદરા, પાવાગઢ, અમદાવાદ, જામનગર સહિત કુલ ૧૦ જગ્યાએ ઘટનાને અંજામ આપ્યો હતો. આરોપી દિપક ઉર્ફે રૂત્વીક કરમશીભાઇ સોલંકી સામે ૫ તથા જેનીશ રાજેશભાઇ ચૌહાણ સામે ૩ ગુના નોંધાયેલા છે.

## ચલાલા શહેર ભાજપ દ્વારા સ્નેહમિલન યોજાયું



ચલાલા, તા.૧૯

ચલાલા શહેર ભાજપ દ્વારા નૂતનવર્ષ સ્નેહમિલન તથા કાર્યશાળા યોજાઈ હતી.

જેમાં ધારાસભ્ય જે.વી.કાકડીયા, રાજીવ શુક્લા, મેહુલભાઈ ધોરાજીયા, અતુલભાઈ કાનાણી સહિત ચલાલા શહેર ભાજપના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં સક્રિય સભ્યો, સામાન્ય સભ્યોને સંગઠન પર્વની ઉપયોગી માહિતી આપવામાં આવી હતી.

## જાફરાબાદ અલ્ટ્રાટેક સિમેન્ટ દ્વારા બાબરકોટમાં પુસ્તકાલયનું ઉદ્ઘાટન

જાફરાબાદ,તા.૧૯

અલ્ટ્રાટેક સિમેન્ટ લિમિટેડ (નર્મદા સિમેન્ટ જાફરાબાદ વર્કસ)ના સક્રિય પ્રયાસે બાબરકોટ ગામમાં નવું પુસ્તકાલય શરૂ કરવામાં આવ્યું. કંપનીના ઉચ્ચ અધિકારીઓ જેવા કે યુનિટ હેડ અનિલ શુક્લા, પી.આઈ. ઈસરાણી, વિકાસ વર્મા, રાજેન્દ્ર ગોયલ અને વિનીત રાણાએ સંયુક્ત રીતે પુસ્તકાલયનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે ગામના આગેવાનો અને સ્થાનિક યુવાનો ઉપસ્થિત રહ્યા. કંપનીના અધિકારીઓએ યુવાનોને શિક્ષણ અને સ્વાસ્થ્યના મહત્વ પર ભાર મૂક્યો હતો. પી.આઈ.એ યુવાનોને કઠિન મહેનત અને સમર્પણના મંત્ર આપ્યા. આ પુસ્તકાલય સ્થાનિક યુવાનોની શૈક્ષણિક આકાંક્ષાઓને વેગ આપશે. તેમજ અલ્ટ્રાટેક કંપનીએ શિક્ષા અને સમાજ વિકાસ માટે પ્રતિબદ્ધતા દર્શાવી છે.



## લીલીયામાં ભાર રીક્ષામાં જ પ્રસૂતિ, ૧૦૮ ટીમની સરાહનીય કામગીરી

લીલીયા,તા.૧૯

લીલીયા ગામના ગોઢાવદર વિસ્તારમાં એક અનોખી ઘટના સામે આવી છે. સગર્ભા મહિલાને જ્યારે પ્રસૂતિનો દુઃખાવો ઉપડ્યો ત્યારે વાડી માલિક ભરતભાઈ માવજીભાઈ ગજેરાએ ૧૦૮ ને ફોન કર્યો. ૧૦૮ ની ટીમ તાત્કાલીક પહોંચી અને એ.એન.સી. બહેનને વાડીમાર્ગથી બસ સ્ટોપ પાસે લઈ આવ્યા. ત્યાંજ ભાર રીક્ષામાં મહિલાએ બાળકને જન્મ આપ્યો. ૧૦૮ ટીમ દ્વારા તાત્કાલિક તબીબી સારવાર કરવામાં આવી અને મહિલાને લીલીયા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં દાખલ કરવામાં આવી. આ ઘટનામાં ૧૦૮ ટીમનું ઉત્કૃષ્ટ કાર્ય રહ્યું છે.






## વાંકીયા ગામે પ્રાકૃતિક ખેતી પર ભવ્ય લોક ડાયરો: ગ્રામીણ સુખાકારીને વેગ

અમરેલી,તા.૧૯

અમરેલી જિલ્લા માહિતી કચેરી તરફથી અમરેલી તાલુકાનાં વાંકીયા ગામની પ્રાથમિક શાળામાં પ્રાકૃતિક ખેતી અને રાજ્ય કલ્યાણકારી યોજનાઓ પર ભવ્ય લોક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું. લોકસાહિત્ય સેતુના પ્રમુખ મહેન્દ્રભાઈ જોશી અને તેમની કલાકાર ટીમ દ્વારા આયોજિત આ કાર્યક્રમને ગ્રામ્ય સમાજના



નેતાઓએ સક્રિય સહયોગ આપ્યો. ગ્રામ સરપંચ, પંચાયત મંત્રી અને ગ્રામ્ય આગેવાનોના સાનિધ્યમાં યોજાયેલ આ લોક ડાયરામાં રમેશભાઈ વાઘેલા અને ઉર્વશીબેન બારોટે લોક સાહિત્ય, ગીતો, આરોગ્ય અને વિકાસ યોજનાઓ પર જનરંગી પ્રસ્તુતિ આપી હતી.

## રાજુલામાં દશનામ ગોસ્વામી સમાજનો દ્વારા ભવ્ય સમૂહ લગ્ન મહોત્સવ યોજાયો

**નવ દંપતીઓને મળ્યા સાધુ-સંતોના આશીર્વાદ, આ લગ્ન મહોત્સવ રહ્યો અનોખો**



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા,તા.૧૯

રાજુલા શહેરમાં પ્રથમ વખત દશનામ ગોસ્વામી સમાજ દ્વારા ભવ્ય સમૂહ લગ્ન યોજાયા. મહંત ઈન્દ્રભારતી મહારાજ અને અન્ય મહામંડળેશ્વરોના આગ્રહ અને અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં નવ દંપતીઓએ પ્રભુતાના પગલાં માંડ્યા. ઐતિહાસિક પ્રસંગમાં ખાસ નોંધપાત્ર બાબત એ રહી કે એવી પાંચ દીકરીઓના લગ્ન કરવામાં આવ્યા, જેમના પિતા નહોતા. આ દરમિયાન સાધુ-સંતોએ પોતાનો રાજીપો વ્યક્ત કર્યો. કાર્યક્રમમાં શ્રી ૧૦૦૮ જગતગુરુ ગર્ગાચાર્ય, મહેન્દ્ર આનંદ ગીરીજી મહારાજ, જય અંબાનંદ ગીરીજી સહિત અનેક મહામંડળેશ્વરો હાજર રહ્યા. સમગ્ર પ્રસંગમાં નવ દંપતીઓને છ લાખનો લાઈફ ઈન્શ્યોરન્સ પણ આપવામાં આવ્યો. કાર્યક્રમનું સૌથી આકર્ષક પ્રદર્શન એ રહ્યું કે, કાર્યક્રમના અંતમાં એક નાની બાળાના શિવ તાંડવ નૃત્યે સૌ મહામંડળેશ્વરોને જમીન ઉપર બેસી જવા પ્રેરિત કર્યા. શ્રદ્ધા, સંસ્કૃતિ અને પરંપરાના આ ભવ્ય મહોત્સવે રાજુલા શહેરમાં અનોખો ઈતિહાસ રચ્યો.









## ભુરખીયા હનુમાન મંદિરે આજે નેત્ર નિદાન કેમ્પ

દામનગર, તા.૧૯

ભુરખીયા હનુમાનજી દાદાના મંદિરે આજે તા. ૨૦નાં રોજ સવારના ૮ વાગ્યા થી બપોરના ૧૨-૩૦ સુધી લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી), ભુરખીયા હનુમાનજી મંદિર ( ટ્રસ્ટ ) અને સુદર્શન નેત્રાલય અમરેલીના સંયુક્ત ઉપક્રમે વિના મૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. કેમ્પમાં રાહત ભાવે નંબરના ચશ્મા બનાવી અપાશે, આંખના દર્દીઓએ આધાર પુરાવા સાથે આવી, કેમ્પનો લાભ લેવા જણાવવામાં આવે છે.






**:: નિવિદા ::**

જાફરાબાદ તાલુકાના રોહીસા ગામે જુની પ્રાથમીક શાળામાં આવેલ જુનો ગ્રામ પંચાયતનો જર્જરીત ટાંકો પાડી જગ્યા ચોખ્ખી કરી જમીન લેવલ કરી દેવાની શરતે જાહેર હરાજી તા. ૨૬/૧૧/૨૦૨૪ ના સવારના ૧૦/૦૦ કલાકે રાખેલ છે. જેની અપસેટ કીંમત રૂા. ૧૫૦૦૦/- અંકે પંદર હજાર છે. તો રસ ધરાવતી વ્યકિતએ હરરાજીમાં ભાગ લેવા જાહેર આમંત્રણ આપવામાં આવે છે.હરરાજીમાં ભાગ લેનારે રૂપિયા ૧૦૦૦/- અંકે રૂપીયા એક હજાર પુરા ડીપોઝીટ જમા કરવાની રહેશે.અને ડીપોઝીટ જમા કરાવાનો સમય ૯:૦૦ કલાકે, ડીપોઝીટ ભરેલ વ્યકિતજ હરરાજીમાં ભાગ લઈ શકશે. અન્ય બોલીઓ અને શરતો રૂબરૂ વાચી સંભળાવવામાં આવશે.

**હરાજી તારીખ:** ૨૬/૧૧/૨૦૨૪ ને સવારના ૯-૩૦ કલાકે રાખેલ છે.

**સ્થળ:** ગ્રામ પંચાયત કચેરી રોહીસા

**સરપંચશ્રી**
**રોહીસા ગ્રામ પંચાયત**




**તંત્રી લેખ**

# હવે દિલ્હીમાં ડબલ એન્જિન સરકાર

દિલ્હી સરકારના અંતનો આરંભ થઈ ચૂક્યો છે. ગેહલોતના રાજીનામા બાદ દિલ્હી સરકાર મુશ્કેલીમાં આવી ગઈ છે. દિલ્હી સરકારના પતનના દિવસો હવે ગણાઈ રહ્યા છે. દિલ્હીમાં ભાજપની સરકાર બનશે તે નિશ્ચિત છે આ સરકાર પણ ડબલ એન્જિન હશે અને પછી દિલ્હીના વિકાસનો માર્ગ ખુલ્લો થઈ જશે.આમ આદમી પાર્ટીમાં કટોકટી દિવસે દિવસે વધતી જાય છે. પોતાની જાતને કટર ઈમાનદાર ગણાવતા નેતાઓના ભ્રષ્ટાચાર ખુલ્લા પડી રહ્યા છે. સાવ સામાન્ય આમ આદમી ગણાતા પાર્ટીના વરિષ્ઠ નેતા શીશ મહેલ જેવા અતિ ભવ્ય નિવાસ સ્થાનમાં રહે છે!ભારતને ભ્રષ્ટાચાર મુક્ત કરવાનું મહાન સપનું લઈને મેદાનમાં ઊતરેલા અન્ના હજારે ના મુખ્ય શિષ્ય અરવિંદ કેજરીવાલ સાવ સાદા માનવી તરીકે સમાજની સામે આવ્યા. પોતે એક નયા પૈસાનો ભ્રષ્ટાચાર કર્યો નથી અને હું કટર ઈમાનદાર છું તેવા ભાષણો કર્યા. પ્રજાએ બહુમતી આપી. દિલ્હીના સીએમ બન્યા પછી અતિ ભવ્ય શીશ મહલ જેવા આલીશાન બંગલામાં રહેવા લાગ્યા. આશિષ મહેલના ટોયલેટની ઈલેક્ટ્રોનિક્સ સિસ્ટમ પાછળ લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવેલો.!!ભ્રષ્ટાચારના અનેક આરોપો અને જેલવાસ જાણીતી બાબત છે. દિલ્હી સરકારમા હાલ કપરો સમય ચાલી રહ્યો છે. પાર્ટીના વરિષ્ઠ નેતા ગહેલોતે આપેલા રાજીનામા બાદ વિવાદ વકરતો જાય છે.'કૈલાશ ગેહલોત બીજેપીના દબાણમાં હતા. ઈડી દ્વારા તેમની પૂછપરછ કરવામાં આવી હતી. સીબીઆઈ-ઈડી સહિતની કેન્દ્રીય એજન્સીઓ ગેહલોતની તપાસ કરી રહી હતી. ગેહલોત દ્વારા લગાવવામાં આવેલા આરોપો આ રીતે રજુ ન કરી શકાય, કારણ કે તેઓ ૫ વર્ષ સુધી સરકારનો ભાગ હતા. ભાજપે ગેહલોતને સ્ક્રિપ્ટ સોંપી છે, તેમણે તે મુજબ કામ કરવું પડશે.ગેહલોતે પોતાના રાજીનામા પત્રમાં ઘણા ગંભીર આરોપ લગાવ્યા છે.રાજીનામું આપતી વખતે કૈલાશ ગેહલોતે AAPના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલને એક પત્ર લખ્યો હતો જેમાં તેમણે અનેક આરોપો લગાવ્યા હતા. કેજરીવાલને લખેલા પત્રમાં તેમણે લખ્યું છે કે, 'ઉદાહરણ તરીકે, અમે યમુનાને સ્વચ્છ નદી બનાવવાનું વચન આપ્યું હતું, પરંતુ અમે ક્યારેય તેમ કરી શક્યા નહીં. હવે યમુના નદી પહેલા કરતા વધુ પ્રદૂષિત થઈ ગઈ છે. બીજી દર્દનાક બાબત એ છે કે અમે લોકોના હક્ક માટે લડવાને બદલે માત્ર અમારા રાજકીય એજન્ડા માટે લડી રહ્યા છીએ. જેના કારણે દિલ્હીના લોકોને પાયાની સેવાઓ આપવામાં પણ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.નયા બાંગ્લા જેવા ઘણા શરમજનક અને વિચિત્ર વિવાદો છે, જે હવે દરેક લોકો વિચારી રહ્યા છે કે શું આપણે હજી પણ સામાન્ય માણસ તરીકે માનીએ છીએ? હવે એ સ્પષ્ટ છે કે જો દિલ્હી સરકાર પોતાનો મોટાભાગનો સમય કેન્દ્ર સાથે લડવામાં પસાર કરતી રહેશે, તો દિલ્હીનું કંઈ થઈ શકશે નહી.જ્યારે અરવિંદ કેજરીવાલ, મનીષ સિસોદિયા અને સંજય સિંહ જેવા આમ આદમી પાર્ટીના અગ્રણી નેતાઓ તિહાર જેલમાં હતા, ત્યારે લેફ્ટનન્ટ ગવર્નરના સચિવાલય સાથે કૈલાશ ગેહલોતની વધતી જતી નિકટતા ચર્ચાનો વિષય બની હતી. દિલ્હી સરકાર અને લેફ્ટનન્ટ ગવર્નર વચ્ચેની ખેંચતાણ કોઈ નવી વાત નથી, કારણ કે મોટાભાગના મંત્રીઓ લેફ્ટનન્ટ ગવર્નર દ્વારા બોલાવવામાં આવેલી બેઠકોમાં હાજરી આપવાનું ટાળે છે. પરંતુ કૈલાશ ગેહલોત આ ધોરણથી અલગ દેખાયા. કેજરીવાલની ધરપકડ પછી, જ્યારે દિલ્હી સરકાર અને લેફ્ટનન્ટ ગવર્નર વચ્ચેના અણબનાવની ઊંડી અસર થઈ હતી, ત્યારે ગેહલોત નિયમિતપણે લેફ્ટનન્ટ ગવર્નરના સચિવાલયમાં તેમની હાજરી અનુભવતા હતા. તેમણે તેમના વિભાગોને લગતી બેઠકોમાં હાજરી આપવાનું ચાલુ રાખ્યું. જ્યારે લેફ્ટનન્ટ ગવર્નર વી.કે. સક્સેનાએ પણ ગેહલોતના વિભાગો સંબંધિત ઉદ્ઘાટન સમારોહમાં સક્રિયપણે ભાગ લીધો ત્યારે આ બાબત વધુ મહત્ત્વપૂર્ણ બની જાય છે.કૈલાશ ગેહલોતનું રાજીનામું એટલા માટે પણ ચર્ચામાં છે કારણ કે તેમના પરના આરોપો અને તે પછી તેમની ભાજપ સાથેની નિકટતાની પણ જોરશોરથી ચર્ચા થઈ રહી છે.

# ખાંભા નજીક આશ્રમમાં અન્ય સાધુની જટા કાપનાર સાધુ હળવદથી ઝડપાયો

ખાંભા,તા.૧૯

ખાંભામાં રાજધાની ચોકડી પાસે આવેલા ખોડિયાર આશ્રમમાં સૂતેલા સાધુને અહી આવેલા બે અન્ય સાધુએ તુ બિનહિન્દુ છો તેમ કહી જટા કાપી નાખ્યાના કેસમા હળવદથી એક શખ્સને ઝડપી લીધો છે. ખાંભા નજીક આવેલા ખોડિયાર આશ્રમમાં સૂતેલા ભગુડાના એક આશ્રમના અર્જુનગીરી વાળા નામના સાધુને બે અજાણ્યા સાધુએ તુ ફર્જી સાધુ છો અને તુ બિનહિન્દુ છો તેમ કહી મારમારી જટા કાપી નાખી હતી. ગત ૧૨મી તારીખે બનેલી આ ઘટના અંગે બંનેએ વીડિયો બનાવી સોશ્યલ મીડિયામાં વાયરલ કર્યો હતો. તેમજ ૨૧ હજારની લૂંટ પણ કરવામાં આવી હતી. જે અંગે સાધુએ ખાંભા પોલીસમા ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે જુદી જુદી ટીમો બનાવી આરોપીની શોધખોળ હાથ ધરી હતી. ખાંભા પોલીસે હળવદથી અર્જુનગીરી નામના સાધુને આજે ઝડપી લીધો હતો. હળવદ વિસ્તારના અર્જુનગીરી અને બ્રિજેશગીરી હોવાની માહિતી પોલીસને મળતા પોલીસ અહીં દોડી ગઈ હતી.


તસવીર : રૂચીત મહેતા

# અમરેલીના લાઠી રોડ પર છોટા હાથીમાં લાગી આગ

અમરેલી,તા.૧૯



અમરેલીના લાઠી રોડ બાયપાસ પાસે ઘાસચારો ભરીને છોટા હાથી ગૌશાળા તરફ જતુ હતું. ત્યારે અચાનક જ છોટા હાથીમાં આગ ફાટી નિકળી હતી. જો કે ચાલકે છોટા હાથીને રોડની બાજુએ રાખી તાત્કાલિક અમરેલી ફાયર ટીમને જાણ કરી હતી. ફાયરની ટીમે એક કલાકની જહેમત બાદ આગને કાબુમાં લીધી હતી.

છોટા હાથીમાં આગ શોર્ટ સર્કિટને કારણે લાગી હોવાનુ પ્રાથમિક અનુમાન છે.

# બગસરાના મોટા મુંજીયાસર ગામે સીમમાં કપાસ વીણતાં યુવક પર હુમલો

બગસરા, તા.૧૯

બગસરાના મોટા મુંજીયાસર ગામે સીમમાં કપાસ વીણતાં એક યુવક પર હુમલો કરવામાં આવતાં ચકચાર મચી ગઈ હતી બનાવ અંગે બગસરામાં રહેતા સુરેશભાઈ વેલજીભાઈ ચારોલા (ઉ.વ.૩૭) એ જુનાગઢના ભેંસાણ તાલુકાના ચણાકા ગામે રહેતા દીનેશભાઈ ભગાભાઈ માથાસુળીયા, ભાવેશભાઈ દેવાભાઈ માથાસુળીયા, સાગરભાઈ દેવાભાઈ માથાસુળીયા તથા ઘુસાભાઈ વજુભાઈ માથાસુળીયા સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમને તેની પત્નિ સાથે એક વર્ષ પહેલા ઝઘડો થયો હતો. જે વાતનું મનદુઃખ રાખી તેઓ મોટા મુંજીયાસર ગામે ભાગવી રાખેલી વાડીએ કપાસ વીણતા હતા ત્યારે આરોપીએ આવી મુંઢમાર મારીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ કાશીબેન સુરેશભાઈ ચારોલીયા (ઉ.વ.૩૭) એ સુરેશભાઈ વેલજીભાઈ ચારોલીયા તથા રાહુલભાઈ સુરેશભાઈ ચારોલીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, પોતાની ભાગવી રાખેલ વાડીએ કપાસ વીણતા હતા તે દરમિયાન કામ બાબતે તેમના પતિ તથા દિકરા સાથે બોલાચાલી થતા બંન્નેએ તેમને જેમતેમ ગાળો આપી, પથ્થરનો છુટો ઘા મારી મુંઢ ઈજા કરી હતી. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી ટી બળસટીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલામાં વકીલને તું આજે ટાંટીયા હાથમાં લઈને જવાનો છો કહી જાનથી મારવાની ધમકી આપી

**તું અમને ભૂમાફિયા કહે છે એટલે પતાવી દઈએ તેમ કહ્યું**

રાજુલા, તા.૧૯

રાજુલામાં રહેતા એક વકીલ પર તું અમને ભૂમાફિયા કહે છે એટલે પતાવી દઈએ તેમ કહી હુમલો કરવામાં આવ્યો હતો. ઉપરાંત તું આજે ટાંટીયા હાથમાં લઈને જવાનો છે તેમ કહી જાનથી મારવાની ધમકી આપી હતી.

બનાવ અંગે વકીલતાનો વ્યવસાય કરતાં નવચેનભાઈ દિપકભાઈ પરમારે રાજુલાના વાઘજીભાઈ માલાભાઈ જોગદીયા, કિશોરભાઈ હમીરભાઈ ધાખડા તથા દીપકભાઈ રામજીભાઈ બાબરીયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ રાજુલા નાયબ કલેકટરની કચેરીના પગથીયા સામે પહોંચતા આરોપીઓએ આવી તું અમને ભૂમાફિયા કેમ કહે છે, તને પતાવી દઈએ એટલે વકીલાત કરતો બંધ થાય તેમ કહ્યું હતું. ઉપરાંત તું આજે ટાંટીયા હાથમા લઈને જવાનો છો તેમ કહી મારી નાંખવાની ધમકી આપી ગાલ પર બે ઝાપટ મારી હતી. ઉપરાંત બચાવવા વચ્ચે પડેલાને પણ ગાળો આપી ઝપાઝપી કરી મુંઢ માર માર્યો હતો.

# મોટાલીલીયાતા.પં.ના સદસ્યોના રાજીનામા પરત ખેંચાયા

**ભાજપ હોદ્દેદારોએ સમજાવટથી મામલો થાળે પાડયો**

મોટા લીલીયા,તા.૧૯



મોટા લીલીયા તાલુકા પંચાયતના ભાજપના બે સદસ્ય કંચનબેન અરજણભાઈ ધામત, ઘનશ્યામભાઈ પ્રાગજીભાઈ મેઘાણીએ મોટા લીલીયાડી.ડી.ઓ.ને લેખિતમાં પત્ર લખી રાજીનામુ આપી દીધું હતું. ગ્રામ્ય વિસ્તારના કામો અંગે અવાર નવાર રજૂઆતો કરવા છતાં પ્રજાના કામો નહીં થતા હોવાને કારણે નારાજગી દર્શાવી અંતે રાજીનામા ધરી દેવામાં આવતા ભાજપમાં સન્નાટો વ્યાપી ગયો હતો. આ બાબતની જાણ ભાજપના મોવડીમંડળને થતા આગેવાનો દોડતા થયા હતા. આખરે તાલુકા ભાજપ પ્રમુખ અને તાલુકા પંચાયતના પ્રમુખ સહિતના હોદ્દેદારોની સમજાવટથી મામલો થાળે પડ્યો હતો અને બંને સદસ્યોએ રાજીનામા પરત ખેંચી લેતા ભાજપને પણ હાશકારો થયો હતો.

# ધારગણી ગામે છુટાછેડા બાદ યુવકે ગળાફાંસો ખાધો

ચલાલા, તા.૧૯

ચલાલાના ધારગણી ગામે રહેતા એક યુવકે છૂટાછેડા બાદ ગળાફાંસો ખાધો હતો. બનાવ અંગે બાબુભાઈ રાઘવભાઈ ગજેરા (ઉ.વ.૬૬)એ જાહેર કર્યા મુજબ, ઘનશ્યામભાઈ બાલુભાઈ ડોબરીયા (ઉ.વ.૩૫)ના છેલ્લા ચાર વર્ષથી છૂટાછેડા થયા હતા અને એકલવાયું જીવન જીવતા હતા. તેણે વાડીના ઓરડીમાં લોખંડના પાઈપમાં સુતરની દોરી વડે ગળાફાંસો ખાઈ લેતા મૃત્યુ પામ્યા હતા. ચલાલા પોલીસ સ્ટેશનના એએસઆઈ એચ ડી ઝણકાટ વધુ તપાસ કરી રહ્યા છે તેમજ મોટા ઝીંઝુડા ગામે રહેતા કાંતીભાઈ ડુંગરશીભાઈ રણોતીયા (ઉ.વ,.૫૧)નો પગ લપસતાં કુવામાં ખાબકતાં ડૂબી જવાથી મોત થયું હતું.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૬૫ | ૧૫૧૦ |
| ઘઉં લોકવન | ૫૯૦ | ૬૩૦ |
| ઘઉં ટુકડા | ૬૦૦ | ૭૦૦ |
| જુવાર સફેદ | ૭૨૦ | ૮૬૦ |
| જુવાર લાલ | ૮૦૦ | ૧૦૧૫ |
| બાજરી | ૪૭૦ | ૫૩૮ |
| તુવેર | ૧૦૦૦ | ૨૧૫૦ |
| ચણા પીળા | ૯૫૦ | ૧૨૫૦ |
| ચણા સફેદ | ૨૦૦૦ | ૨૬૫૦ |
| અડદ | ૧૧૫૦ | ૧૬૬૮ |
| મગ | ૧૨૦૦ | ૧૬૨૫ |
| વાલ દેશી | ૧૧૦૦ | ૧૮૩૦ |
| વાલ પાપડી | ૧૨૦૦ | ૧૭૦૦ |
| ચોળી | ૧૫૧૬ | ૩૦૦૦ |
| મઠ | ૮૫૦ | ૧૨૦૦ |
| કળથી | ૧૧૨૫ | ૧૨૨૫ |
| સીંગદાણા | ૧૩૬૦ | ૧૫૦૦ |
| મગફળી જાડી | ૯૨૦ | ૧૨૩૩ |
| મગફળી જીણી | ૯૪૦ | ૧૨૩૧ |
| તલી | ૨૧૦૦ | ૨૭૦૦ |
| એરંડા | ૧૧૮૫ | ૧૨૫૯ |
| સોયાબીન | ૭૭૫ | ૮૮૨ |
| સીંગફાડા | ૧૦૦૦ | ૧૩૩૫ |
| કાળા તલ | ૩૨૧૯ | ૪૨૫૧ |
| લસણ | ૪૫૦૦ | ૬૧૦૦ |
| ધાણા | ૧૧૦૦ | ૧૬૪૫ |
| મરચા સુકા | ૮૦૦ | ૩૨૦૦ |
| ધાણી | ૧૨૦૦ | ૧૯૫૦ |
| વરીયાળી | ૧૦૩૦ | ૧૩૪૧ |
| જીરૂ | ૪૩૦૦ | ૫૦૦૦ |
| રાય | ૧૧૫૦ | ૧૩૨૫ |
| મેથી | ૧૦૧૦ | ૧૩૦૦ |
| કલોંજી | ૩૨૦૦ | ૩૯૬૦ |
| રાયડો | ૧૦૦૦ | ૧૧૫૦ |
| રજકાનું બી | ૪૦૦૦ | ૫૨૬૦ |
| ગુવારનું બી | ૮૫૦ | ૯૨૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૫૦૦ | ૧૧૦૦ |
| બટેટા | ૨૮૦ | ૭૦૦ |
| ડુંગળી સુકી | ૯૦ | ૬૩૦ |
| ટમેટા | ૬૦૦ | ૮૦૦ |
| સુરણ | ૧૧૦૦ | ૧૨૦૦ |
| કોથમરી | ૩૦૦ | ૬૦૦ |
| મુળા | ૪૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૩૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૪૦ |
| ફલાવર | ૩૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૦૦૦ |
| ચોળાસીંગ | ૫૦૦ | ૭૦૦ |
| વાલોળ | ૭૦૦ | ૧૦૦૦ |
| ટીંડોળા | ૨૦૦ | ૬૦૦ |
| દુધી | ૬૦ | ૧૦૦ |
| કારેલા | ૩૦૦ | ૫૦૦ |
| સરગવો | ૧૦૦૦ | ૨૧૦૦ |
| તુરીયા | ૭૦૦ | ૧૦૦૦ |
| પરવર | ૮૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૩૦૦ | ૬૦૦ |
| ગાજર | ૭૦૦ | ૧૦૦૦ |
| વટાણા | ૧૨૦૦ | ૧૬૦૦ |
| તુવેરસીંગ | ૭૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| બીટ | ૪૦૦ | ૮૦૦ |
| મેથી | ૪૦૦ | ૮૦૦ |
| વાલ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૫૦૦ |
| આદુ | ૭૦૦ | ૧૦૦૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૮૦૦ |
| હળદર લીલી | ૫૫૦ | ૭૮૦ |
| લસણ લીલું | ૨૧૦૦ | ૪૦૫૦ |
| મકાઇ લીલી | ૨૬૦ | ૩૨૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૦૦ | ૧૦૯૬ |
| શિંગ મોટી | ૮૬૭ | ૧૨૭૧ |
| શિંગ ફાડા | ૯૮૦ | ૧૧૩૫ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૨૭૯૫ |
| તલ કાળા | ૨૮૦૦ | ૪૧૯૦ |
| બાજરો | ૩૮૨ | ૫૪૨ |
| જુવાર | ૪૯૦ | ૭૦૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૭૦૦ |
| ઘઉં લોકવન | ૫૭૯ | ૬૪૭ |
| અડદ | ૭૫૦ | ૧૫૬૦ |
| ચણા | ૬૦૦ | ૧૫૬૦ |
| કપાસ | ૮૨૦ | ૧૫૨૧ |
| એરંડા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| જીરૂ | ૩૯૮૦ | ૪૭૨૫ |
| ધાણા | ૧૦૧૫ | ૧૩૬૦ |
| સોયાબીન | ૬૦૦ | ૮૬૩ |
| રજકાનું બી | ૨૦૨૫ | ૫૬૦૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૪૦ | ૫૮૦ |
| રીંગણાં | ૨૦૦ | ૫૦૦ |
| ફુલાવર | ૫૦૦ | ૮૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૫૦ |
| ટામેટા | ૬૫૦ | ૭૫૦ |
| સુરણ | ૯૦૦ | ૧૦૦૦ |
| ગાજર | ૮૦૦ | ૧૨૦૦ |
| દૂધી | ૨૦૦ | ૩૦૦ |
| કારેલા | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૪૦૦ | ૬૦૦ |
| મુળા | ૨૦૦ | ૪૦૦ |
| કાકડી | ૨૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૬૦૦ | ૬૦૦ |
| વાલ | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ચોળા લીલા | ૭૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૦૦૦ |
| હળદર લીલી | ૫૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૫૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૦૦૦ |
| કોથમીર | ૪૦૦ | ૫૦૦ |
| મેથીભાજી | ૬૦૦ | ૭૦૦ |
| ફુદીનો | ૮૦૦ | ૧૦૦૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૫૦૦ |
| બીટ | ૮૦૦ | ૧૦૦૦ |
| નવી ડુંગળી | ૩૦૦ | ૪૦૦ |
| આમળા | ૫૦૦ | ૭૦૦ |
| લીમડો મીઠો | ૯૦ | ૧૨૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૮૦૦ |
| મરચા લાલ | ૩૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૫૦ |
| ડુંગળી સૂકી | ૨૦૦ | ૬૦૦ |
| લસણ લીલું | ૪૦૦૦ | ૪૫૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૬૦૦ | ૮૦૦ |
| પાલક | ૫૦૦ | ૬૦૦ |
| **ગોંડલ** | | |
| ઘઉં લોકવન | ૫૭૬ | ૬૩૮ |
| ઘઉં ટુકડા | ૫૫૧ | ૭૪૬ |
| સિંગદાણા જાડા | ૧૨૦૦ | ૧૩૪૧ |
| સિંગ ફાડીયા | ૭૫૦ | ૧૨૧૧ |
| એરંડા / એરંડી | ૧૦૫૦ | ૧૨૭૧ |
| જીરૂ | ૩૩૫૧ | ૪૯૩૧ |
| વરીયાળી | ૧૧૫૧ | ૧૩૫૧ |
| ધાણા | ૯૦૦ | ૧૬૦૧ |
| મઠ | ૯૭૬ | ૯૭૬ |
| રાયડો | ૮૯૧ | ૮૯૧ |
| મેથી | ૮૫૧ | ૧૨૦૧ |
| મરચા | ૫૫૧ | ૨૭૦૧ |
| સફેદ ચણા | ૧૨૨૧ | ૨૭૦૧ |
| તલ - તલી | ૧૭૦૧ | ૨૬૦૦ |
| ધાણી | ૧૦૦૦ | ૧૬૮૧ |
| બાજરો | ૪૫૧ | ૫૬૧ |
| જુવાર | ૫૭૧ | ૯૪૧ |
| મકાઇ | ૪૪૧ | ૫૧૧ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૬૬ |
| વાલ | ૪૦૧ | ૧૮૫૧ |
| ચોળા / ચોળી | ૧૨૦૧ | ૨૪૨૬ |
| ગોગળી | ૭૦૦ | ૯૪૧ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૪૦૦ | ૧૪૮૦ |
| મગફળી | ૯૦૦ | ૧૧૬૨ |
| સોયાબીન | ૭૦૦ | ૮૨૨ |
| ઘઉં | ૩૫૭ | ૩૫૭ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૦૭૦ | ૧૨૪૨ |
| મગફળી ૩૨ નં. | ૯૮૧ | ૧૧૩૯ |
| બાજરી | ૫૦૦ | ૫૯૭ |
| ઘઉં | ૫૨૫ | ૬૪૪ |
| સફેદ તલ | ૧૯૦૦ | ૨૪૦૮ |
| સોયાબીન | ૭૦૦ | ૮૪૯ |
| જુવાર | ૬૦૦ | ૮૧૦ |
| અડદ | ૧૨૦૦ | ૧૬૬૬ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૫૦ |
| રજકો | ૩૮૦૦ | ૫૧૦૦ |
| કપાસ | ૧૧૨૦ | ૧૫૪૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૦૦૦ | ૧૧૫૧ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૪૫૨ |
| કપાસ | ૧૩૭૧ | ૧૫૩૬ |
| બાજરો | ૪૯૬ | ૬૧૨ |
| ઘઉ ટુકડા | ૫૬૧ | ૬૮૦ |
| જુવાર | ૭૦૧ | ૭૯૧ |
| મગ | ૧૪૫૧ | ૧૪૫૧ |
| અડદ | ૧૧૦૭ | ૧૩૫૨ |
| ચણા | ૧૧૫૧ | ૧૬૨૬ |
| સોયાબીન | ૭૮૬ | ૮૧૦ |
| **લીલીયામોટા** | | |
| કપાસ | ૧૩૩૩ | ૧૫૧૧ |
| કપાસ સી ગ્રેડ | ૭૦૦ | ૭૦૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૨૫૦ | ૧૬૩૨ |
| મગફળી | ૯૨૫ | ૧૧૫૧ |
| ઘઉં | ૫૧૧ | ૬૫૧ |
| ચણા | ૯૦૦ | ૧૫૫૧ |
| ધાણા | ૧૨૦૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૬૮૦ | ૮૦૧ |
| અડદ | ૯૦૦ | ૧૪૦૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૦૦ | ૧૫૩૦ |
| કપાસ મીડીયમ | ૧૧૭૦ | ૧૩૧૦ |
| મગફળી | ૧૧૨૨ | ૧૨૦૦ |
| અડદ | ૧૨૪૦ | ૧૩૧૦ |
| ઘઉં | ૫૦૪ | ૬૫૬ |
| તલ કાળા | ૩૨૧૫ | ૪૦૯૫ |
| તલ સફેદ | ૨૧૧૫ | ૨૨૩૫ |
| જીરૂ | ૩૯૩૦ | ૪૬૭૦ |
| સોયાબીન | ૭૭૬ | ૮૧૪ |
| મગ | ૧૪૦૦ | ૧૮૫૦ |
| ચણા | ૧૨૪૦ | ૧૩૬૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૩૧ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૮૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૦૧ |
| અડદ | ૮૨૦ | ૧૪૨૫ |
| સોયાબીન | ૬૫૨ | ૮૦૦ |
| ચણા સફેદ | ૧૩૦૦ | ૧૪૦૦ |
| મગફળી | ૫૭૦ | ૧૦૮૦ |
| ચણા | ૯૩૫ | ૧૨૮૦ |
| શીંગ દાણા | ૮૬૫ | ૧૧૪૦ |
| લશણ | ૩૮૦૦ | ૪૦૦૦ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ધાણા | ૧૧૯૦ | ૧૨૫૦ |
| **સાવરકુંડલા** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૫૦૦ |
| શીંગ જીણી | ૧૦૦૦ | ૧૨૨૧ |
| શીંગ મોટી | ૧૦૮૦ | ૧૨૩૦ |
| તલ સફેદ | ૨૧૮૫ | ૨૬૦૦ |
| જીરૂ | ૪૨૨૫ | ૪૭૫૧ |
| ઘઉં લોકવન | ૫૧૦ | ૬૩૫ |
| ઘઉં ટુકડા | ૫૮૦ | ૬૮૫ |
| બાજરો | ૪૦૦ | ૬૩૪ |
| અડદ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ચણા | ૧૨૦૦ | ૧૬૧૧ |
| સોયાબીન | ૭૮૬ | ૮૫૨ |
| **ભેસાણ** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૫૧ |
| ઘંઉ | ૫૦૦ | ૬૧૦ |
| જુવાર | ૭૪૦ | ૭૪૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૩૨૫ |
| અડદ | ૯૦૦ | ૧૫૩૦ |
| મગફળી | ૭૦૦ | ૧૧૭૦ |
| તલસફેદ | ૧૩૦૦ | ૨૩૫૧ |
| મેથી | ૮૦૦ | ૯૦૦ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૫૫૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૬૫૦ | ૮૩૦ |



લાગે તો તીર : - ''આવ બકા આવ.. દિવાળી પછી ઓછો કાં દેખાણો'' 06

# બાળ દિનની ઉજવણી માત્ર કાગળ પર ?




આજે વિશ્વ બાળ દિવસ છે.

દર વર્ષે ૨૦ નવેમ્બરે દુનિયાભરમાં વિશ્વ બાળ દિવસ ઉજવવામાં આવે છે. યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ ૧૯૫૯માં ૨૦ નવેમ્બરે બાળ અધિકારોની જાહેરાત કરી હતી. તેની યાદમાં દર વર્ષે ૨૦ નવેમ્બરના રોજ વિશ્વ બાળ દિવસ ઉજવવામાં આવે છે. ચિલ્ડ્રન્સ ડેનો મુખ્ય હેતુ બાળકોના અધિકારોનું રક્ષણ, તેમને સલામત વાતાવરણ આપવા અને તેમના શિક્ષણ અને આરોગ્ય પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે. આ દિવસ બાળકોની ખુશી તેમજ સમાજમાં તેમના અધિકારો પ્રત્યે જવાબદારીને પ્રોત્સાહન આપવાનું પ્રતીક છે.

યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીના ઠરાવમાં બાળ અધિકારોને ચાર અલગ-અલગ ભાગોમાં વહેંચવામાં આવ્યા છે. જીવન જીવવાનો અધિકાર, સંરક્ષણનો અધિકાર, સહભાગિતાનો અધિકાર અને વિકાસનો અધિકાર એ ચાર મુખ્ય બાળ અધિકાર છે.

વિશ્વ બાળ દિવસની ઉજવણી કરવાનો હેતુ દુનિયાભરમાં બાળકોની સ્થિતીમાં સુધારો કરવાનો છે. બાળકોના સારા શિક્ષણ, આરોગ્ય અને સારા ભવિષ્ય માટે જાગૃતિ લાવવાનો છે. યુનાઈટેડ નેશનલ જનરલ એસેમ્બલી સહિત ઘણી વૈશ્વિક સંસ્થાઓ બાળકોના અધિકારો અંગે કામગીરી કરી રહી છે. બાળ દિને આ સંસ્થાઓની કામગીરીનું મૂલ્યાંકન કરાય છે અને સાથે સાથે લોકોને એ વાતની યાદ પણ અપાવાય છે કે વિશ્વમાં બાળકોની સ્થિતી અંગે ઘણું કરવાનું હજુ બાકી છે.

બાળકો પર વધતા અત્યાચાર, બાળમજૂરી અને શિક્ષણના અભાવ જેવી સમસ્યાઓ અંગે લોકોમાં જાગૃતિ ફેલાવવા માટે કરાતી બાળ દિનની ઉજવણી નિમિત્તે દર વર્ષે અનેક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવે છે.

■■■

ભારતમાં ૧૪ નવેમ્બરે બાળ દિન ઉજવાય છે.

ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુની યાદમાં દર વર્ષે દેશભરમાં ૧૪ નવેમ્બરને બાળ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. જવાહરલાલ નહેરૂને બાળકો પ્રિય હતાં અને તેમને ચાચા નહેરૂ તરીકે સંબોધાતા હતા તેથી બાળપણની ભાવનાને ઉજવવા અને જવાહરલાલ નહેરુને શ્રદ્ધાંજલિ આપવા ૧૪ નવેમ્બરે બાળ દિવસ ઉજવવામાં આવે છે. જો કે ભારતમાં પણ પહેલાં ૧૪ નવેમ્બરે નહીં પરંતુ ૨૦ નવેમ્બરે બાળ દિનની ઉજવણી કરવામાં આવી હતી. ભારતમાં ૨૦ નવેમ્બરને બદલે ૧૪ નવેમ્બરના રોજ બાળ દિન ઉજવવાનું શરૂ થયું કેમ કે જવાહરલાલ નહેરુનો જન્મ ૧૪ નવેમ્બર ૧૮૮૯ના રોજ થયો હતો. પંડિત જવાહરલાલ નહેરુનું નિધન ૨૭ મે, ૧૯૬૪ના રોજ થયું હતું. પંડિત નેહરુનું બાળકો પ્રત્યેનું સમર્પણ જાણીતું હતું તેથી નહેરૂ પછી વડાપ્રધાન બનેલા લાલ બહાદુર શાસ્ત્રીએ ૧૯૬૪માં જ પંડિત નેહરુના માનમાં તેમના જન્મદિવસને બાળ દિન તરીકે ઉજવવાની જાહેરાત કરી નાખી હતી. આ રીતે નહેરૂના મૃત્યુના વરસથી જ ભારતમાં ૧૪ નવેમ્બરે બાળ દિવસ ઉજવાવા માંડ્યો.

જો કે ભારત એકલો એવો દેશ નથી કે જ્યાં ૨૦ નવેમ્બરે બાળ દિવસ ના ઉજવાતો હોય. દુનિયાના ઘણા દેશોમાં ૧ જૂને બાળ દિવસ ઉજવવામાં આવે છે. ચીનમાં ૪ એપ્રિલે બાળ દિવસ ઉજવાય છે તો પાકિસ્તાનમાં ૧ જુલાઈ અને અમેરિકામાં જૂનના બીજા રવિવારે બાળ દિવસ ઉજવવામાં આવે છે. આ સિવાય બ્રિટનમાં ૩૦ ઓગસ્ટ, દક્ષિણ કોરિયા અને જાપાનમાં ૫ મે, નેપાળ અને જર્મનીમાં ૨૦ સપ્ટેમ્બરે બાળ દિવસ ઉજવવામાં આવે છે. દરેક દેશના બાળ દિવસ ઉજવવાના પોપપોતાના કારણો છે. તેનો લાંબો ઈતિહાસ ના તપાસીએ તો પણ એટલું કહી શકાય કે વિશ્વમાં બાળ દિનની ઉજવણીમાં એકસૂત્રતા નથી.

■■■



બ્રેકિંગ પોઈન્ટ
નેહા શર્મા

બાળ દિનની ઉજવણીથી શું બદલાયું ?

દુનિયા ૧૯૫૯થી એટલે કે ૬૫ વર્ષથી બાળ દિન ઉજવે છે પણ તેના કારણે બાળકોની સ્થિતીમાં બહુ સુધારો થતો નથી. બાળકોના અધિકારી છિનવનારી ત્રણ મુખ્ય બાબતો ભૂખમરો, શિક્ષણનો અભાવ અને બાળ મજૂરી છે. દુનિયામાં બાળકોમાં ભૂખમરો, શિક્ષણનો અભાવ અને બાળ મજૂરીના આંકડા પર નજર નાંખશો તો સમજાશે કે દુનિયામાં બહુમતી બાળકોનું બાળપણ છિનવાઈ જાય છે અને તેમને અધિકારો જ મળતા નથી.

બાળકોનો સૌથી પહેલો અધિકાર જન્મતાંની સાથે જ સારું પોષણ મળે એ છે પણ કમનસીબે આ અધિકાર પણ આપણે નથી આપી શકતા. દુનિયામાં ભૂખમરાનો ભોગ બનનારામાં બાળકો અને મહિલાઓ મોખરે છે. યુએનના રિપોર્ટ પ્રમાણે, ૩૨ દેશો એવા છે કે જ્યાં નવજાત બાળકોને પોષણ જ નથી મળતું. આ દેશોના ૫ વર્ષથી ઓછી ઉંમરના ૩.૬૦ મિલિયનથી વધુ બાળકો અત્યંત કુપોષિત છે, રિપોર્ટ બતાવે છે. વરસો જાય તેમ સ્થિતી સુધરવી જોઈએ પણ તેના બદલે સ્થિતી વણસી રહી છે. ૨૦૨૩માં તીવ્ર કુપોષણની સ્થિતી અત્યંત ખરાબ છે. સંઘર્ષ અને આપત્તિઓને કારણે વિસ્થાપિત થયેલા લોકોનું પ્રમાણ વધી રહ્યું છે તેથી કુપોષણ પણ વધુ છે.

કુપોષણને લગતા થોડાક આંકડા પર નજર નાંખશો તો આ વાત સમજાશે.

દુનિયામાં દરેક ૫ બાળકમાંથી ૧ બાળક એટલે કે ૨૦ ટકા બાળકો કુપોષિત છે, અને ૫ વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં લગભગ અડધા મૃત્યુ કુપોષણ સાથે સંકળાયેલા હોય છે. દુનિયામાં ૪.૫૦ કરોડ જેટલા બાળકો તીવ્ર કુપોષણનો સામનો કરી રહ્યા છે, અને ઓછામાં ઓછા ૧.૩૭ કરોડ બાળકો ગંભીર રીતે કુપોષિત છે. ૫ વર્ષથી ઓછી ઉંમરના ચારમાંથી એક બાળક ભૂખમરાનો અનુભવ કરી રહ્યું છે. મતલબ કે, તેમને દરરોજ માત્ર બે કે ઓછી વાર ભોજન મળે છે જ્યારે બાળકોને દિવસમાં ઓછામાં ઓછું ૮ વાર ભોજન મળવું જોઈએ. ૫ વર્ષથી ઓછી ઉંમરના ૪.૫ કરોડ બાળકોએ એંઠવાડ ખાવો પડે છે જે કુપોષણનું સૌથી ભયંકર સ્વરૂપ છે. આ ભૂખમરાના કારણે ૫ વર્ષથી ઓછી ઉંમરના ૧૫ કરોડ બાળકોનો વિકાસ અને પ્રગતિ અટકી ગયા છે.

ભૂખમરાનું ઉચ્ચ સ્તર ધરાવતા દેશોમાં હૈતી, માલી, સુદાન, દક્ષિણ સુદાન અને મોટા ભાગના પેલેસ્ટિનિયન પ્રદેશો છે. આ વિસ્તારોમાં ભૂખમરાનું પ્રમાણ સૌથી વધુ છે પણ ભારત સહિતના દેશોમાં પણ કુપોષણની સમસ્યા છે જ.

■■■

શિક્ષણ અને બાળ મજૂરીના મોરચે પણ હાલત ખરાબ છે.

બાળકના મૂળભૂત અધિકારમાં શિક્ષણના અધિકારનો સમાવેશ થાય છે પણ વિશ્વમાં ૬૦ કરોડથી વધારે બાળકોને શિક્ષણ જ મળતું નથી. તેનું કારણ પણ એ છે કે, દુનિયાના અડધાથી વધારે દેશોમાં ગરીબ પરિવારોને મફત શિક્ષણ માટેની સુવિધા જ નથી. બાળકો શિક્ષણથી વંચિત રહે છે તેમાં ગરીબી એ સૌથી અડચણરૂપ અવરોધ છે. બાળકોને ભણાવવાની ત્રેવડ ન હોય છતાં બાળકો પેદા કર્યા કરતા પરિવારો પાસે તો શિક્ષણ આપવાની ક્ષમતા હોતી જ નથી પણ સરકારો પણ આ બાળકોને સ્કૂલમાં પોષણયુક્ત ખોરાકની સાથે શિક્ષણ આપી શકે એવી વ્યવસ્થા કરવામાં નિષ્ફળ ગઈ છે. ઘણા દેશોમાં સરકાર સક્ષમ હોય પણ માનસિકતાના કારણે બાળકો શિક્ષણથી વંચિત રહે છે. ઉદાહરણ તરીકે, મુસ્લિમ દેશોમાં છોકરીઓ માટે શિક્ષણની તકો અત્યંત મર્યાદિત છે. સાઉદી અરેબિયા સહિતના દેશોમાં શિક્ષણની વ્યવસ્થા સવાલ નથી પણ માનસિકતા સવાલ છે.

ગરીબાના કારણે મા-બાપ બાળકોને શિક્ષણ માટે મોકલતાં જ નથી ને તેના બદલે મજૂરી કરાવે છે. બાળ મજૂરી પણ બાળકોના વિકાસમાં મોટો અવરોધ છે.

વિશ્વના મોટા ભાગના દેશોમાં બાળ મજૂરી હજુ પણ સામાન્ય છે. કોઈપણ આર્થિક પ્રવૃત્તિ સાથે સંકળાયેલા ૫ વર્ષથી ૧૭ વર્ષની વયના બાળકોની ગણતરી કરવામાં આવે તો ૩૦ કરોડ બાળકો બાળ મજૂરી કરે છે. ૨૦૦૮માં વિશ્વભરમાં ૫-૧૪ વર્ષની વયના ૧૫ કરોડ બાળ મજૂરો હતા એ જોતાં દુનિયાએ વિકાસ કર્યો છતાં બાળ મજૂરો ઘટ્યા નથી પણ વધ્યા છે.

વિશ્વમાં લગભગ ૬૦ ટકા બાળ મજૂરો ખેતી, ડેરી, મત્સ્યોદ્યોગ અને વનસંવર્ધન જેવી કૃષિ પ્રવૃત્તિઓમાં સામેલ છે. ૨૫ ટકા બાળ મજૂરો રિટેલ, હોકિંગ સામાન, રેસ્ટોરાં, માલનું લોડ અને ટ્રાન્સફર, સ્ટોરેજ, કચરો ઉપાડવા અને રિસાયક્લિંગ, શૂઝ પોલિશિંગ, ઘરેલું મદદ અને અન્ય સેવાઓ જેવી સેવા પ્રવૃત્તિઓમાં હતા. બાકીના ૧૫ ટકા કારખાનાઓ, ખાણો, પેકેજિંગ સોલ્ટ, ઓપરેટિંગ મશીનરી, એસેમ્બલી અને ઉત્પાદનમાં કામ કરે છે. મોટાભાગના બાળ મજૂરો તેમના માતાપિતા સાથે જ મજૂરી કરે છે. દુનિયાના કુલ બાળ મજૂરોમાંથી એશિયામાં ૨૨%, આફ્રિકામાં ૩૨%, લેટિન અમેરિકામાં ૧૭%, યુ.એસ., કેનેડા, યુરોપ અને અન્ય શ્રીમંત દેશોમાં ૧% બાળ મજૂરો છે. ટૂંકમાં બાળ મજૂરી ભયંકર સમસ્યા છે જ.

ભવિષ્યમાં બાળકોને કુપોષણ, ભૂખમરો અને બાળ મજૂરીથી મુક્ત કરીને બહેતર જીવન આપી શકીએ તો વિશ્વ બાળ દિન ઉજવવાનો મતલબ છે. બાકી માત્ર કાગળ પર બાળ દિનની ઉજવણી કરો, સરકારી રાહે કાર્યક્રમ કરો તેનો કોઈ મતલબ નથી. ■

sanjogpurti@gmail.com

# એ હારી-થાકીને પતેલું જાહેર કરવું પડે છે...




મારી વાડીના બગીચામાં હું નિંદામણ કરી રહ્યો હતો ત્યારે પધારેલ એક ૭૨ વર્ષની મહિલાએ મને એક ગજબનો સવાલ કરી લીધો: આ બિયારો મારો બેટો ગમે એટલો કાઢીએ તોય પાછો આવે છે ક્યાંથી?

આ બિયારો એટલે બિયારણ નહીં. તમે ઘઉં, બાજરી કે શાક બકાલુ તમારા ખેતરમાં વાવો છો તે વાવવા માટે જે બીજ લાવો છો એના જથ્થાને બિયારણ કહેવામાં આવે છે. પણ તમે જે બિયારણ નથી લાવતા પરંતુ એની મેળે જ જે અડાબીડ ઊગી નીકળે છે તે ઘાસ અથવા નિંદામણના બીજને બિયારો કહેવામાં આવે છે. ખેતરમાં જે કામના છોડવા તમારે વાવવા છે એ છોડવાના ઉછેર માટે તમે ઈશ્વરની પૂજા કરતા હો એ રીતે ખાતર પાણીનું નૈવેદ્ય ધરાવીને એને ઉછેરો છો. ઈશ્વરની જેમ જ તમારે પાકની ભક્તિ કરવી પડે છે. વળી એથી આગળ વધીને, ઈશ્વરનું તો તમારે રક્ષણ કરવું નથી પડતું ઉલટાનો એ તમારું રક્ષણ કરે છે. પણ પાકનું તો તમારે રક્ષણ પણ કરવું પડે છે.

યજ્ઞ વેદીમાં જે રીતે યજ્ઞ કરતી વખતે દેવતાઓની પધરામણી કરવામાં આવે છે એ રીતે ખેતરમાં તમારે પાકના બિયારણની ભાવભક્તિભેર પધરામણી કરવી પડે છે. પણ બિયારો?

બિયારો તો હવનમાં હાડકા નાખનાર રાક્ષસોની જેમ વગર નિમંત્રણે આવી જાય છે. આવી જાય છે એટલું જ નહીં આક્રમણ કરે છે. દર વર્ષે ખેડૂત બિયારો કાઢી કાઢીને થાકી જાય છે, તૂટી જાય છે. દર વર્ષનો મતલબ એ પણ નહીં કે એક સિઝનમાં એક વખત બિયારો કાઢી નાખ્યા પછી જય ભારત કરી નાખવાનું. બિયારાની પાછળ લાગ્યા જ રહેવાનું. ૧૫ દિવસે કે મહિને બિયારો હતો એનો એ જ. હજી તો ખેતરના એક ભાગમાં તમે માંડ જય ભારત કર્યું હોય ત્યાં તો બીજા ભાગમાં બિયારો ઢેન્ટણેન્ કરતો ઊભો હોય. શહેરમાં ઈસ્ત્રી ટાઈટ કપડાં પહેરીને હજામત કરીને ઓફિસે જતા ઓફિસરની જેમ ખેડૂતને પોતાનું થોબડું સાફ રાખવાનો સમય મળતો નથી કારણ કે જ્યારે જુઓ ત્યારે ખેતરની હજામત કરવાની ઉભી જ હોય. ખાનદાન ખેડૂત પોતાની હજામત કરવા કરતાં ખેતરની હજામત કરવાનું વધુ પસંદ કરે છે અને એટલે જ તે મેલો ઘેલો હોય છે, દાઢીયાળ હોય છે. ખેડૂતને પોતાનો ચહેરો ચકાચક દેખાય એના કરતાં પોતાના ખેતરનો ચહેરો ચકાચક દેખાતો હોય એમાં વધુ રસ હોય છે.

બધા કામનો એક ઉકેલ હોય, એક પતાવટ હોય. વાવવાનું કામ? તો કે પત્યું... લણવાનું કામ? તો કે પત્યું... પરંતુ નિંદામણનું કામ? એ કામ ક્યારેય પતતું નથી... ખાલી આત્મસંતોષ ખાતર કે પછી કહેવા ખાતર હારી થાકીને એ અમુક સમય પૂરતું પતેલું જાહેર કરવું પડે છે.

એ રીતે છાપાવાળાનું કામ અને શેતકરીનું કામ એક સરખું ગણાય. છાપાની ઓફિસમાં સમાચારના ઊંબાડિયા ચોવીસે કલાક ચારે દિશામાંથી આવ્યા જ કરતા હોય છે. હજી તો માંડ તંત્રી કે પત્રકારો છાપુ પૂરું કરવાનું વિચારતા હોય ત્યાં તો બીજા ચાર સમાચાર એવા આવે કે એ લેવા જ પડે એમ હોય. એ ચાર લઈ લેવામાં આવે તો પણ ત્યાં સુધીમાં બીજા આઠ ડોકિયું કરીને બિયારાની માફક ઊગીને ઊભા હોય. આખરે ટાઈમ લાઈનનું માન રાખીને તંત્રી કે પત્રકારોએ અજંપા સાથે છાપુ પૂરું જાહેર કરવું પડે છે. બસ એ જ રીતે ખેડૂત પણ નિંદામણનું કામ ૧૦% આત્મસંતોષ અને ૯૦% અજંપા સાથે પૂરું જાહેર કરે છે. ખેડૂતને પણ ટાઈમ લાઈન જેવું કશુંક હોય છે. ■

ધીસ ઇઝ ધેટ
નારન બારૈયા

naranbaraiya277@gmail.com

# નવા સત્રથી નવા સંકલ્પો દ્રઢ બનાવીએ...



વિક્રમ સવંત ૨૦૮૧ના નવા વર્ષમાં દીપોત્સવ પર્વ અને નૂતન વર્ષાભિનંદન સૌ ઉજવી રહ્યા છે ત્યારે આવા પવિત્ર તહેવારો થકી નવા સંકલ્પો અને સત્કાર્યોનો અવસર ઉભો કરવાનો સમય આવી ગયો છે.

દિવાળી વેકેશન શિક્ષકો માટે ખૂબ અગત્યનું હોય છે. સમગ્ર વર્ષ દરમિયાન બાળકો સાથે આત્મીયતા કેળવીને અભ્યાસ કરાવે છે. વેકેશનના સમયગાળા દરમિયાન સરકાર ઈ કેવાયસી કરાવે, અન્ય આધાર અપડેટ કરાવે તેમજ વિવિધ કામગીરીથી વેકેશન તો હોતું જ નથી. તેમ છતાં આફતને અવસરમાં રૂપાંતર કરવાની તાકાત ધરાવતા શિક્ષકો કરી આપે છે. જે કામ સમાજ કલ્યાણ અને મહેસુલ વિભાગને કરવાનું હોય છે તે શિક્ષકો ઉપર થોપી બેસાડવામાં આવે છે. શિક્ષકને જિલ્લા શિક્ષણ અધિકારી ઓર્ડર કરે એટલે શું કરે ? કોઈપણ કામ કરવાનું હોય એટલે સરકારને શિક્ષણ વિભાગ સિવાય બીજો કોઈ વિભાગ દેખાતો જ નથી. બેંકો ખાતા ખોલી શકતી હોય તો ઈ કેવાયસી કેમ ન કરી શકે? ખાતા ખોલાવવાથી શરૂ કરી તેમાં આવતી તમામ કામગીરી શિક્ષકે કરવી પડે છે. છેલ્લે સ્કોલરશીપના ફોર્મથી શરૂ કરી વાલીની તેમજ વિદ્યાર્થીની વ્યથા વચ્ચે મૂંઝાતું વ્યક્તિત્વ એટલે શિક્ષક.



સામાજિક અને શૈક્ષણિક
વિપુલ.ડી. પટેલ
(રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ)

નવા વર્ષથી રાજ્ય સરકાર માત્ર શિક્ષકોને ભણાવવા સિવાયનું બીજું કામ ન આપે તો કેવું સારું? શિક્ષણ એ સાર્વત્રિક અને નિરંતર ચાલતી પ્રક્રિયા છે. ડોક્યુમેન્ટ અપડેટ અને આધારલિંક, સ્કોલરશીપ, ઈ કેવાયસી, મોબાઈલ લિંક જેવા કાર્ય માટે કેટલાય બેકાર યુવાનો છે તેમને રોજગારી આપવા માટે આ બધા ક્ષેત્રો ઉપયોગી બનશે. તેમની પાસે ઈન્ટરનેટનું તેમજ કમ્પ્યુટરનું જ્ઞાન હોવાથી સારી રીતે આ કાર્ય કરી શકશે. શિક્ષકોને ભણાવવા સિવાયનું કામ ન આપવાથી સમાજમાં શિક્ષણનો વ્યાપ વધશે. વિદ્યાર્થીઓની સ્કોલરશીપ તેમજ આર્થિક પાસુ મજબૂત કરવા માટે આવનાર સમયમાં તેને સક્ષમ બનાવવાનો છે તેને માટે શિક્ષણ જરૂરી છે તે જ નહીં મળે તો ગુજરાતમાં શિક્ષણનો વ્યાપ કઈ રીતે વધશે ? વિદ્યાર્થીઓનું શિક્ષણ ન બગડે તે માટે નક્કર આયોજન કરી કાર્ય કરવું જોઈએ.

શિક્ષક મિત્રો, સરકાર ગમે તે કામ આપે આપણે બધા કરીએ છીએ અને કરતા રહીશું. નવા સત્રથી શાળાઓ બાળકોના આગમનથી જેમ પાનખરમાં વસંત ખીલે તેમ શાળાઓ બાળકોના આગમનથી ખીલી જશે તેવી મને ચોક્કસ ખાતરી છે. બાળકો વર્ગમાં આવશે એટલે તેમને આયોજનબદ્ધ સારું શિક્ષણ પ્રાપ્ત થાય તેવા સરાહનીય પ્રયાસો કરવા રહ્યા. બાળકો છે તો આપણે છીએ. આ મુદ્રાલેખ આપણી નજરમાં હોવો જોઈએ. બાળકોને વિષય પ્રમાણે ઉત્તમ શિક્ષણ આપી સારા નાગરિક નિર્માણ કરવાનું કાર્ય આપ સૌ મિત્રો કરશો. બાળકો નિયમિત શાળામાં આવે તેવું ભાવાવરણ અને વાતાવરણ નિર્માણ કરવાની જવાબદારી આપણી છે. નથી કેમ આવતા તે પણ શોધવાની જરૂર છે. કારણ કે શાળા એવું મંદિર છે જ્યાં સમગ્ર રાષ્ટ્રનું નિર્માણ કરવાનું કેન્દ્રબિંદુ છે. બાળકોમાં આત્મીયતાભાવ ઉભો કરી સ્નેહ અને પ્રેમના સિંચન થકી મીઠા આવકારાથી પોખજો.

માધ્યમિક શાળાના બાળકોની બોર્ડ પરીક્ષા ફેબ્રુઆરી મહિનામાં છે એટલે ડિસેમ્બરમાં તેમનો કોર્સ પૂર્ણ કરવાનો હોય, તેવા સમયે એક્સ્ટ્રા પિરીયડ લઈને તેમને યોગ્ય શિક્ષણ મળી રહે તેવી વ્યવસ્થા ઊભી કરજો. બોર્ડ પેપર લખવાની પ્રેક્ટિસ કરાવજો. એક પણ મિનિટ બગડે નહીં તેની કાળજી રાખજો. મેક્સિમમ ગામડાના બાળકો પાસ થાય તેવા પ્રયત્નો કરવાની જરૂર છે. તેમની સાથે હકારાત્મક અને પોઝિટિવ એટીટ્યુડ દ્વારા કાર્ય લેવાની જરૂર છે. તેમનામાં ખૂબ સુસુપ્ત શક્તિઓ હોય છે. આવી શક્તિ થકી તેમનું કૌશલ્ય અને સ્કીલ કેળવાય તેવા પ્રયત્નો કરવા. જરૂર હોય તો આર્થિક મદદ પણ કરજો. આ એવું જ્ઞાનનું મંદિર છે ત્યાં રોકાણ કરવાથી સમાજને બહુ જ મોટા પાયે વળતર પ્રાપ્ત થશે. ભવિષ્યને ઉજ્જવળ બનાવવા માટે ઉત્તમ શિક્ષક શ્રેષ્ઠ રાષ્ટ્ર નિર્માણ કરી શકે છે.

બાળકોને સાંસ્કૃતિક, આધ્યાત્મિક અને શૈક્ષણિક પ્રવૃત્તિમય બનાવવા માટે શાળા અગત્યનું એપિ સેન્ટર છે. બાળકો માટે આપણા વિષયનું શિક્ષણ અને ઉપયોગી મૂલ્ય તરાહની વાત પ્રસંગોચિત રજૂ કરવી રહી. વિદ્યાર્થીઓને દરરોજ પોઝિટિવ સ્ટોરી બે ત્રણ મિનિટની કહેવી રહી. સફળ વ્યક્તિઓના સંઘર્ષની ગાથા પ્રાર્થના સભા તેમજ વર્ગકાર્ય કરતી વખતે રજૂ કરવી જ રહી. જેથી તેમનામાં કાર્ય કરવાની તાકાત દ્રઢ બની શકે. એક શિક્ષક શું કરી શકે તે આપણે કરી બતાવવાનું છે. દુનિયા ગમે તે કહે આપણો અંતરાત્મા કહે તે કરતા રહેવું. બાકી જે દિવસે હાજર થાય તે દિવસે નિવૃત્ત થઈ જાય એવા શિક્ષક સમાજ માટે નુકસાનકારક હોય છે. ત્રણ ચાર દાયકા સુધી શિક્ષક તરીકે ફરજ બજાવીએ ત્યારે આપની અંદર રહેલી એનર્જી બાળકોને મળે તો જ તેનું ભાવિ ઉજ્જવળ બની શકે. બાળકોમાં શક્તિ તો હોય જ છે તેને ઉજાગર કરવાની તાકાત નિર્માણ કરવાનું કાર્ય શિક્ષકોને આપવામાં આવ્યું છે. બાળકો સાથે બાળક બની જવાથી તેને ખૂબ ગમે છે. બાળકો સાથે શિસ્ત અને સંસ્કાર બંને કેળવવાના છે. શિસ્તની તાતી જરૂરીયાત છે. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકના બાળકોમાં કિશોર અવસ્થા દરમિયાન ઘણું બધું નવું નવું કરવાની જિજ્ઞાસા હોય છે. તેવા સમયે તેમની માંગ શું છે તે શિક્ષક સમજી જાય તે પ્રમાણે કાર્ય કરે તો વર્ગ સ્વર્ગ બની જાય છે.

એક જોગી બનીને નૈતિકતા અને પ્રમાણિકતાથી શિક્ષણ સેવા યજ્ઞ કરવાની તક મળી છે ત્યારે નવા સત્રથી સંકલ્પબદ્ધ બનીને કરીએ. રાજગોપાલાચારીએ કહ્યું કે ''શિક્ષણ એ ચેતનાની ખેતી છે'' બાળકોને મૂલ્યલક્ષી વિવિધ પ્રવૃત્તિઓ અને સંસ્કાર પ્રદાન કરવાની વ્યવસ્થા શાળાઓ થકી નિર્માણ થાય તે જ આજના સમયની માગ છે. રાજ્ય સરકાર શિક્ષકોને શિક્ષણ સિવાયની બીજી કોઈ કામગીરી ન આપે તેવી નવા વર્ષે અપેક્ષા છે. શિક્ષણ વિભાગ દ્વારા પ્રાથમિક શિક્ષકોની બદલી જેવા મોટા વિષયને માન્ય કરી શિક્ષણ મંત્રી ડૉ. કુબેરભાઈ ડિંડોર સાહેબે સાચા અર્થમાં દિવાળી કરી આપી છે તે માટે શુભેચ્છાને પાત્ર છે. તેમના નવા સંકલ્પો શિક્ષકો માટેના હકારાત્મક રહ્યા છે. પ્રાથમિક શિક્ષકના જિલ્લા ફેર બદલી કેમ્પ અને ભરતી તેમજ ઓલ્ડ પેન્શન યોજના જેવા કાર્ય કરવા બદલ શિક્ષણમંત્રીને પણ નવા વર્ષે શુભેચ્છા પાઠવું છું. શિક્ષકોના જેટલા પણ પ્રશ્નો સરળતાથી આપ ઉકેલી રહ્યા છો તે બદલ નવા વર્ષે આપને પણ શુભેચ્છા પાઠવું છું. રાજ્યના પ્રાથમિક, હાઈસ્કૂલ અને કોલેજના તમામ શિક્ષણ વૃંદોમાં કાર્યકર્તા ગુરુજનોને વંદન કરું છું. દીપોત્સવ અંધકારને પ્રકાશ તરફ લઈ જાય છે. નૂતન વર્ષ નવા સંકલ્પો તરફ લઈ જાય છે. અને શિક્ષક ભવિષ્યને ઉજ્જવળ ભવિષ્ય તરફ લઈ જાય છે. બાળદેવો ભવઃ ■ Mo.9825702282

# સગર્ભાવસ્થા દરમ્યાન પાંડુરોગ અને લોહતત્વ વિષેની માહિતી

દરેક આરોગ્ય કાર્યકરોએ પોતાનાં વિસ્તારની બહેનો સાથે અને ખાસ કરીને સગર્ભા સ્ત્રીઓ સાથે આત્મીયતાભર્યો સબંધ કેળવવો જોઈએ. જેથી પ્રસૂતિ પછીની સેવા સંભાળ માટે યોજવામાં આવતાં ક્લિનિકમાં સ્ત્રીઓ નિયમિત હાજરી આપતી રહે અને આરોગ્ય કાર્યકર સાથે નિખાલસ પણે પોતાની સમસ્યાઓની ચર્ચા કરી યોગ્ય માર્ગદર્શન મેળવી શકે. ગર્ભવતી મહિલાઓ પ્રસૂતિ પહેલાની સંભાળ મેળવવા માટે ક્લિનિકમાં ઓછામાં ઓછી ત્રણ વખત હાજરી આપવી જોઈએ. ક્લનિકમાં અપાતી સેવાઓની ગુણવતાજણાવવી જોઈએ. સગર્ભા સ્ત્રીની પ્રસૂતિ પહેલાની અને બીજી સ્વાસ્થ્યને લગતી બધી વિગતોની નોંધ લેવી જોઈએ.




પાંડુરોગ અંગે પરીક્ષણ કરીને લોહતત્વની ગોળી આપવી: સગર્ભાસ્ત્રીની તપાસ વખતે નખ, જીભ, આંખ નીચેનાં પોપચાં ફિક્કા હોય તો પાંડુરોગનું નિદાન થઈ શકે છે. શક્ય હોય ત્યારે લોહીનું પરીક્ષણ કરાવવું જેથી પાંડુરોગનો ઉપચાર કેટલે અંશે સફળ થયો તેની પછીથી ચોક્કસ રીતે ખાત્રી આપી શકાય. મલેરિયા અને કૃમિરોગની પણ સારવાર આપી શકાય. પોષણની ખામીથી પાંડુરોગ થાય છે તે નિવારવા રાષ્ટ્રીય કાર્યક્રમ મુજબ જેટલી બને તેટલી વહેલી દરેક સગર્ભા મહિલાને દરરોજની એક લોહતત્વની ગોળી અને ફોલિકએસિડની ગોળી સુવાવડ થાય ત્યાં સુધી અપાવવી જોઈએ. શક્ય હોય તેટલો લોહતત્વ યુક્ત ખોરાક લેવા માટે પણ સમજણ આપવી જોઈએ. ખૂબ જ વધુ પ્રમાણમાં ફિકાશ જણાય તો નજીકનાં દવાખાનામાં લોહીની તપાસ કરાવી શકાય. જે વિસ્તારમાં મલેરિયાનો રોગચાળો ખૂબ પ્રમાણમાં જોવામાં આવે ત્યાં તમામ મહિલાઓને સગર્ભાવસ્થા દરમ્યાન મલેરિયા વિરોધી ગોળીઓ સતત અઠવાડિયાની બે અપાવવી જોઈએ જેથી મલેરિયા અટકાવી શકાય. ધનુર્વાત સામે રક્ષણઃ સગર્ભાવસ્થાનીશરૂઆતમાંજમહિનાનાં અંતરે ધનુર્વિરોધીરસીનાં બે ઈન્જેક્શનઅપાવી દેવા જોઈએ. ધનુર વિરોધી રસીનો બીજો ડોઝ મોડામાં મોડો પ્રસૂતિની સંભવિત તારીખથી એક મહિના પહેલાં તો અપાવવો જ જોઈએ. મહિલા જ્યારે ફરીથી ગર્ભધારણ કરે ત્યારે જો પાંચ વર્ષની અંદર પહેલા ગર્ભધારણ વખતે નિયમિત બે ડોઝ અપાવ્યા હોય તો, એક જ વધારાનો ડોઝ આપવાની જરૂર છે. પણ જો પહેલી સગર્ભાવસ્થામાં ધનરુર્વિરોધી રસી ન અપાવી હોય અથવા તો બે પ્રસૂતિ વચ્ચેનો ગાળો પાંચ વર્ષથી વધુ હોય તો નવેસરથી મહિનાનાં અંતરે બે ઈન્જેક્શનમુકાવી લેવા જોઈએ. નવજાત શિશુમાં ધનુર્વાત અટકાવવાનો આ એક સહેલો અને સચોટ ઉપાય છે. છતાંય પણ નવજાત શિશુઓધનુરર્વાતનાં ભોગ બને છે. **લોહીનાઉંચા દબાણ માટેની તપાસ :** ગર્ભવતી મહિલાને લોહીનું ઉંચુ દબાણ રહે એ ભયસૂચક ગણાય છે. ક્લિનિકમાં દરેક ગર્ભવતી સ્ત્રીનું લોહીનું દબાણ માપવું ઘણું જરૂરી છે. ગર્ભવતી સ્ત્રીનું શક્ય હોય તો નિયમિત વજન કરવું અને પેટનો ઘેરાવો માપવો જેથી ગર્ભમાં રહેલ બાળકનાં વિકાસનું અનુમાન કરી શકાય છે.



વૈવિધ્ય
ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર,
ચિલ્ડ્રન્સ રસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર

**જન્મ સમયે ઓછા વજન વાળા બાળકોની સારવાર :** સામાન્ય રીતે આવા બાળકોની સારવારના મુખ્ય મુદ્દાઓ અન્ય બાળકોની જેમ જ હોય છે. પરંતુ આવા બાળકો જન્મથી નબળા હોય છે. અને આમાં અમુક બાળકો ૯ મહિના પહેલા જન્મતા હોય છે, તેમને વિષેશ સારવાર આપી તંદુરસ્ત બાળક જેટલું વજન થઈ જાય તેની કાળજી લેવામાં આવે છે. આ પ્રકારના બાળકો ઓછા વજનને કારણે શરીરનું તાપમાન બરાબર જાળવી શકતા નથી. તેથી બાળકના શરીરનું તાપમાન યોગ્ય રીતે જળવાય તેની ખાસ કાળજી રાખવી જોઈએ. આ માટે બાળકને સમયસર ધાવણ અપાવતા રહેવું. બાળકને ગરમ કપડામાં બરાબર વિંટાળીને રાખવું જોઈએ. બાળકને માની સોડમાં અથવા માતાનાં શરીર સાથે સંપર્કમાં રહે તે રીતે મુકવાથી પણ શરીરનું તાપમાન જાળવી શકાય છે. બાળકને નવડાવવાની ઉતાવળ ન કરવી. જરૂર પડે માથા પર ટોપી પહેરાવવી અને હાથ – પગે મોજા પહેરવા. બાળકને સમયસર પૂરતા પ્રમાણમાં માતાનું ધાવણ અપાવતા રહેવું જોઈએ. જો બાળક બરાબર ધાવણ ખેંચી ન શકતું હોય અને મોઢા વાટે ધાવણ આપવામાં કંઈ વાંધો ન હોય તો માતાનું ધાવણ વાટકીમાં કાઢી, ચમચી વડે બાળકને સમયસર પૂરતા પ્રમાણમાં ધાવણ અપાવવું જોઈએ. આવા બાળકોને શારીરીક ચેપ લાગવાની શક્યતા વધારે હોય છે. તેથી બાળકને ચેપન લાગે તે માટે ખૂબ જ કાળજીપૂર્વક બાળકની સંભાળ લેવી જોઈએ. આવા બાળકોમાં જો કોઈ ગંભીર ચિન્હો જણાયતો તેમને વહેલી તકે મોટા દવાખાનામાં સારવાર માટે મોકલી આપવા જોઈએ. દરેક બાળકોને સમયસર રસીકરણ કરાવવું જરૂરી છે. નિયમિત વજન કરાવવું અને માનસિક વિકાસનું મૂલ્યાંકન કરવું પણ બાળકના વિકાસ માટે ખૂબ જ જરૂરી છે.

hemangidmehta@gmail.com

# આવ બકા આવ.. દિવાળી પછી ઓછો કાં દેખાણો



"આવ બકા આવ.. દિવાળી પછી ઓછો કાં દેખાણો. " બોસે હાથમાં મસાલો મસળતાં બકાને આવકારો આપ્યો.

"બોસ, હમણા ક્યાં નવરાઈ જ મળે છે. ધંધે લાગી ગયા છીએ."

"કેમ કેમ ? આવડું મોટું શું કામ પાડ્યું છે ? કાંઈ સરકારી બરકારી કામ રાખ્યું છે ? જોજે હો..! મારૂ કમીશન ભુલાઈ નઈ."

"તમને લાગે છે કે.., સરકારી કામ આપણા હાથમાં આવે ? અને આપણે એવા રૂપિયા ખાયને દખી થાવું ય નથી. અર્ધો રોટલો ખાવો પણ નિરાંતનો ખાવો."

"તો પછી આટલો કામમાં કેમ છો?"

"અપડેટ્સ અપડેટ્સ..! આ સરકાર ધીમે ધીમે હંજૂય અપડેટ્સ કરાવે છે. રેશન કાર્ડને અપડેટ્સ કરો. ફાર્મર હોય તો ખેતીના ચોપડા અપડેટ્સ કરાવો. વિગેરે વિગેરે.." અરે પણ આ બધું અપડેટ્સ કરીને જાવું છે ક્યાં ?"

"દવાખાને. બીજે વળી ક્યાં."

"કેમ દવાખાને ? ન્યા વળી કોને અપડેટ્સ કરવાં છે !??"



લાગે તો તીર..
કાળુભાઇ ભાડ

"માણસને... માણસ જુનો થાય તો એને ય અપડેટ્સ કરવો પડે ને ..!!"

"બકા ..! તું વળી આ નવું લાયો. ભગવાન સિવાય માણસને કોણ અપડેટ્સ કરે ?"

"લો કર લો બાત !! ખ્યાતિ હોસ્પિટલ જેવી ગુજરાતમાં અનેક હોસ્પિટલ છે. એ માણસને અપડેટ્સ કરી રહી છે. અને એય તે પાછું મફતમાં."

"ઓહોહો..! ગુજરાતનું મેડિકલ સાયન્સ ઘણું આગળ વધ્યું. માણસને ય અપડેટ્સ કરવાં સુધી પહોંચી ગયું. મોદી સાહેબ દિલ્હી ગયા પછી ગુજરાતે ઘણી પ્રગતિ કરી હોં.

પણ..! બકા મને ઊંડે ઊંડે શંકા છે કે .., માણસ એવું પ્રાણી છે. એને ભગવાન સિવાય કોઈ અપડેટ્સ ના કરી શકે. તો પછી..! આ અપડેટ્સની રેસિપી આપણાં ડોક્ટરો લાવ્યાં ક્યાંથી ??"

"એમાં બોસ એવું છે કે, આ કામ એકલાં ડોક્ટર ના કરી શકે. એટલે એમણે જાણી જોઈને નેતાઓને ભેળવ્યા. જે નેતા પાસે કોથળામાં પાંચ શેરી છે. એ બંધાયને ભેગા લીધા."

"બકા બકા. મને કાંઈ સમજાય એવું બોલ. નકર મારે ય હવે અપડેટ્સ થવાં જાવું પડશે. પણ આ અપડેટ્સ વાળું છે હું ?"

"બોસ બોસ. મોદી સરકારને બંધૂય આંગળીને ટેરવે લાવી દેવું છે. તમે એક આંગળી મૂકોને થઈ થાવાનું એ કઈ દેહે."

"તો તો બકા ભારે કરી. આપણે આવું અપડેટ્સ નથી કરવું."

"તમારે અપડેટ્સ કરવું હોય કે ના કરવું હોય. તમે ઈ બાજું નજર કરી કે તમારૂ નામ લખાય જાય.

તમારો મફતમાં ચેક અપ થઈ જાય. જાત જાતના અને ભાત ભાતનાં રિપોર્ટ બની જાય. તમને નાનકડી બીમારી હોય ઈ તો આવે તો આવે. પણ તમને કોઈ જાતની બીમારી ના હોય ઈ પેલાં આવે.

એડવાન્સમાં એને ખબર પડી જાય. આવી તો એની પાંહે અદ્યતન મશીનરી છે."

"હા પણ..! આપણે ન્યાં સુધી જાવું તો પડે ને..!!

તો આ બધું બતાવે ને."

"ના ના ના બોસ. તમારે ત્યાં જાવાની કોઈ જરૂર જ નથી. એ લોકો જ તમારી પાહે આવે. સેવા કોને કહે. તમારી આજુબાજુ આવો સેવાનો કેમ્પ ગોઠવાય. મોટા મોટા ડોક્ટરો ? ના બોર્ડ લાગે.

નેતાઓ મતના બદલામાં તમારી સેવા ચાકરી કરવા તમને આમંત્રણ આપે."

"ઓ હો હો હો. મતદારોનું સરકાર આટલું બધું ધ્યાન રાખે છે. ઈ પેલી વાર હાંભળ્યુ."

"તમે બોસ વારે વારે સરકારનું નામ ના લો. આમાં સરકાર કાંઈ કરતાં કાંઈ કરતી જ નથી.

સરકારનાં નામે આ લોકો જ ચરી ખાય છે. સરકારને ચૂનો ચોપડીને રૂપિયા બનાવે છે."

"બકા. મને હજીય કાંઈ સમજણનો ટપો પડતો નથી. તું કાંઈ ફોડ પાડીને વાત કર તો સૂજકો પડે."

"જૂઓ.., મોદી સરકારની નાના માણસો માટે દવાખાનાની એક હારી યોજના છે. (પી એમ જય)

આમાં દર્દીને પાંચ લાખ રૂપિયા સુધીની સારવાર મફતમાં થાય છે.

હવે આ કેટલાક કસાઈ. સોરી સોરી ડોક્ટરોએ નેતાજી સાથે મળીને નોટ છાપવાનું મશીન બનાવી નાખ્યું.

ઠેક ઠેકાણે આવી હોસ્પિટલો ઊભી થઈ ગઈ.

દર્દી આવ્યો નથી ને ચીર્યો નથી.

ઠેક ઠેકાણે સર્વ નિદાન કેમ્પ થાય. હાસા ખોટા રિપોર્ટ બને. શેરમાં લઈ જાય કારણ વગરના ઓપરેશનો કરે અને સરકાર પાંહેથી રૂપિયા પડાવે.

આવી હોસ્પિટલો લગભગ દરેક શહેરમાં ફૂટી નીકળી છે. અભણ જેવો માણસ જાય તો જાય ક્યાં ?" અભણ અમથાલાલ ક્યારના બધું સાંભળી રહ્યા હતા.

"બકા !! આ ભોળા માણસો ડોક્ટરને ભગવાન પછીનો બીજો દરજ્જો આપતાં હતા. ભલે બધા આવા નથી પણ જેટલાં છે એ આવા હલકાં ધંધા કરે ઈ સારૂ ના કેવાય અને સરકારની એક હારી યોજનાનો ગેરફાયદો ઉઠાવે એ પણ ખરાબ કેવાય. આવા ડોક્ટરોને ભગવાન આવતા ભવે દર્દી બનાવે."

kalubhaibhad123@gmail.com



# આપની આગવી ઓળખ છે ?

આજની દરેક મહિલા પોતાની એક અલગ અને આગવી ઓળખ ઉભી કરવા ઇચ્છતી જ હોય છે. તે એવું ઇચ્છે છે કે, બેટી - પત્ની - માતાના દાયિત્વોની સાથો સાથ તેની યોગ્યતા અને ક્ષમતાને પણ લોકો ઓળખે. આપ પણ એ જાણવા ઇચ્છતા જ હશો કે આપની આગવી ઓળખ છે કે નહીં... ? તો અત્રે આપેલી પ્રશ્નાવલીના પ્રમાણિકપણે સાચ્ચા જવાબો આપીને જાણી લો આપની આગવી ઓળખ કેવી છે ? એ...



જીવન તરંગ
જયસ્વી પટેલ

(૧) આપ એક સ્ત્રી છો, એટલા માટે પોતાના વિશે વિચારો છો ....

(એ) મારો જન્મ બેકાર છે, હું કોઇ પુરૂષની મદદ વગર કશું કરી જ શકતી નથી... (બી) મારે બીજું કશું કરવાની જરૂર જ કયાં છે, મારી દુનિયા ઘર - પરિવાર સુધી જ સીમિત છે. (સી) હું ઘણું બધું એવું કરી શકું છું, જે પરિવારના અન્ય સભ્યો કરી શકે તેમ નથી.

(૨) આપની વ્યસ્તતાને કારણે ઘર અને પરિવારને કેટલું મહત્વ આપો છો ?

(એ) વ્યસ્તતાને કારણે બિલકુલ સમય જ નથી રહેતો, (બી) ભલે ગમે એટલી વ્યસ્તતા હોય, પરિવારને જ સર્વોપરી માનું છું. (સી) જયારે જેટલો સમય મળે, ત્યારે મહત્વ આપું છું.

(૩) આપ નોકરી કરો છો, અચાનક જ આપના સસરા ગંભીર બીમારમાં પટકાય છે. એવે વખતે આખો દિવસ સસરાની સારવારમાં રહેવા માટે નોકરી છોડવા માટે પતિ કે સાસુ તમને સમજાવે છે, એવે વખતે તમે શું કરો છો ? (એ) બધાના કહેવાથી તાત્કાલિક નોકરી છોડી દેશો, (બી) સસરાની સારવાર માટે એક નર્સ રાખી લેશો. (સી) ઓફિસમાં થોડા દિવસોની રજા મૂકી, સસરાની સેવા - ચાકરીમાં લાગી જશો.

(૪) કોઇ નવું કાર્ય કરતાં, પહેલીવાર તમને અસફળતા મળે છે. એવે વખતે આપ - (એ) હતાશ થઈને હાર સ્વીકારી લેશો. (બી) તે કામ બીજા કોઈને સોંપી દેશો. (સી) અસફળતાને પડકાર માનીને, નવ શક્તિ સાથે પુનઃ કાર્યમાં લાગી જશો.

(૫) અખબારમાં નોકરીની જાહેરાત પર આપની નજર પડે છે. એમાં માગેલી બધી જ લાયકાત તમે ધરાવો છો એવે વખતે તમે - (એ) તરત જ તેમાં જણાવ્યા મુજબ અરજી તૈયાર કરવામાં લાગી જશો. (બી) પહેલાં પતિ અને સાસરિયાની સલાહ લેશો. (સી) ઘર - પરિવાર અને બાળકોને પ્રાધાન્ય આપીને અરજી કરવાનો વિચાર છોડી દો છો.

(૬) ઘરના બધા જ સભ્યો બે દિવસ માટે બહારગામ ગયા છે, તેવે વખતે - (એ) મનપસંદ સાહિત્ય વાંચશો (બી) ઘરના સભ્યો આવે તે પહેલાં ઘરના કામકાજ પતાવવામાં લાગી જશો. (સી) ઘરના કાર્યોને ફટાફટ પતાવીને, અધૂરી નોવેલ વાંચવા લાગી જશો.

(૭) આપને બાળકોને કારણે નોકરી છોડવી પડે, વચ્ચે સારી નોકરીની એક તક મળે છે, પરંતુ પરિવારજનો નથી ઈચ્છતા કે તમે નોકરી કરો... એ વખતે તમે - (એ) મનોમન અકળાઈને રહી જશો અને નસીબને દોષ દેશો. (બી) વિદ્રોહ કરીનેય નોકરી પર લાગી જશો. (સી) પરિવારજનો સાથે વિચાર - વિમર્શ કરીને પોતાનું ભાવિ આયોજન સમજાવીને તમારી વાતને મનાવી લેશો.

(૮) આપને કેટલાક દિવસથી કયારેક - કયારેક છાતીમાં દુઃખાવો થયા કરે છે. તેવે વખતે તમે - (એ) વાતને ખાસ મહત્વ આપ્યા વિના ઘરકામમાં જ લાગ્યા રહો છો. (બી) આ વિશે પતિ અને સાસરિયાને જણાવીને તેમની સલાહ લો છો અને ડોકટરને બતાવો છો. (સી) કોઇ ઘરગથ્થુ દવા લઈને ચલાવી લો છો.

(૯) આપ ડ્રોઈંગ કે નૃત્ય - સંગીતમાં નિપૂણ છો ઘરમાં એ એક્ટિવિટી કરવા બેસો છો ત્યારે... (એ) સાસુ દ્વારા તમને કોઈ કામ બતાવવામાં આવે ત્યારે તરત જ ઉઠીને, તે કામ કરવા લાગી જાવ છો. (બી) સાસુ - સસરાની ઊંઘમાં ખલેલ પહોંચશે એમ વિચારીને એ એક્ટિવીટી નહીં કરો. (સી) બધાં જ કામ આયોજનપૂર્વક પતાવીને એકાંતમાં એ એક્ટિવીટી કરવા લાગી જશો.

(૧૦) આપના મનમાં આદર્શ મહિલાની છબી....

(એ) કિરણ બેદી, ઇંદિરા ગાંધી, કલ્પના ચાવલા કે સુનિતા વિલિયમ્સ વગેરે જેવી પ્રખ્યાત મહિલા જેવી છે (બી) કોઇ છબી જ નથી. (સી) આવી વાતોને માત્ર કલ્પના પુરતી જ સીમિત રાખો છો, જાહેર નથી કરતાં.

પરિણામ

| સ્કોર | | | |
|---|---|---|---|
| પ્રશ્ન | એ | બી | સી |
| ૧ | ૦ | ૨ | ૫ |
| ૨ | ૦ | ૨ | ૫ |
| ૩ | ૦ | ૨ | ૫ |
| ૪ | ૦ | ૨ | ૫ |
| ૫ | ૫ | ૨ | ૦ |
| ૬ | ૨ | ૦ | ૫ |
| ૭ | ૦ | ૨ | ૫ |
| ૮ | ૦ | ૫ | ૨ |
| ૯ | ૨ | ૦ | ૫ |
| ૧૦ | ૫ | ૦ | ૨ |

**૩૭ થી ૫૦ ગુણ**

તમે તમારી અલગ અને આગવી ઓળખ માટે અત્યંત સજાગ છો. તમે હિંમતવાન અને કંઈક સારૂં કરી બતાવવાવાળાઓમાંના એક છો. બેસ્ટ ઓફ લક... આગળ વધો..!

**૧૯ થી ૩૬ ગુણ**

તમે તમારી ઓળખ માટે સજાગતા છો, પણ પરિસ્થિતિઓ સામે ઝૂકી જાવ છો. તમારે વધુ હિંમત કેળવીને અડગ રહેવાની જરૂર છે.

**૦૦ થી ૧૮ ગુણ**

તમે તમારા તરફ ખૂબજ હતાશ છો. આવું વલણ તમારા માટે, પતિ - બાળકો કે પરિવાર માટે બિલકુલ યોગ્ય નથી. કેમ કે જો તમે જ આું વલણ ધરાવશો તો બાળકોનું કે પરિવારનું શું થશે ? તમારા માનસને બદલો અને આગવી ઓળખ બનાવવામાં અલાગી જાવ...!

**લિપ... સ્ટીક**

" માણસ પોતાનું જીવન આમને આમજ પૂરૂં કરે છે : ભૂતકાળ સાથે સમાધાન શોધવામાં, વર્તમાન અંગે ફરિયાદ કરવામાં, ભવિષ્યકાળ અંગે થથરવામાં..."

sanjogpurti@gmail.com

# ફિલ્લમ જોવા જાવાજી !



"મારે પણ થિયેટરમાં ફિલ્મ જોવા જવું છે ! એય મોટી સ્ક્રીન પર, આલીશાન ચેયર પર પોપકોર્ન ખાતાં ખાતાં ફિલ્મ જોવાની મોજ પડી જાય." - મનમાં ફિલ્મ જોવાનો વિચાર કરતાં કરતાં પોપટભાઈ હરખાઈ ગયા. એમણે તો ફિલ્મ જોવા જવા માટેની તૈયારી શરૂ પણ કરી દીધી. એ તો બજારમાં ઊપડ્યા ને સરસ મજાનાં ચશ્માં ને સૂટ-બૂટ બધું ખરીદી લાવ્યા. બીજાં પક્ષીઓને પોપટભાઈની હલચલ જોઈ નવાઈ લાગી. મોરભાઈએ પૂછ્યુ પણ ખરૂ, "અરે પોપટભાઈ ! તમારે ક્યાંય પ્રવાસે જવાનું છે કે પછી કોઈ પ્રસંગમાં? તમે તો સરસ મજાનાં ચશ્માં અને સૂટ-બૂટ બધુંય ખરીદી આવ્યા."

ત્યાં તો પોપટભાઈ હરખભેર બોલ્યા,

**'આંખે ચશ્માં પહેરવાજી;**
**હરવા-ફરવા જાવાજી;**
**સિનેમાઘર જાવાજી;**
**ફિલ્લમ જોવા જાવાજી.'**

"વાહ ભાઈ વાહ! તમે ફિલ્મ જોવા જવાના છો એમ ! લ્યો આ આપણા પક્ષીજગતમાં ફિલ્મ જોવા જવાનું કીર્તિમાન તમારા નામે થશે. પણ અત્યારે તો ઓનલાઈન બુકીંગનો જમાનો છે. છેક થિયેટર સુધી પહોંચો ને કદાચ ટિકિટ ન મળે તો ! મારી તો તમને સલાહ છે કે પેલા કાગડાભાઈ પાસે જઈ ઓનલાઈન બુકીંગ કરાવીને જ જશો. કાગડાભાઈ ઈન્ટરનેટના ઉપયોગ અને ઓનલાઈન કામગીરીની સારી જાણકારી ધરાવે છે. આપણા પક્ષી જગતનું બધું કામ તેઓ જ કરે છે ને !" - મોરભાઈએ સલાહ આપતાં કહ્યું.



રે વાર્તા!
મનીષ સુથાર

"મોરભાઈ તમારો ખૂબ ખૂબ આભાર. તમે મને ખૂબ સારી જાણકારી આપી." એમ કહેતાં પોપટભાઈ ફરરરર કરતાં ઊડયા ને પહોંચ્યા કાગડાભાઈ પાસે. કાગડાભાઈ લેપટોપ લઈને જ બેઠા હતા. પોપટભાઈને આમ સજીધજીને આવેલા જોઈ કાગડાભાઈએ પૂછ્યું, "અરે પોપટભાઈ ! તમે તો રૂડારૂપાળા લાગો છો ને ! આમ સજીધજીને કઈ બાજુ ઉપડ્યા?" ત્યાં વળી પોપટભાઈ બોલ્યા,

**'આંખે ચશ્માં પહેરવાજી;**
**હરવા-ફરવા જાવાજી;**
**સિનેમાઘર જાવાજી;**
**ફિલ્લમ જોવા જાવાજી.'**

"કાગડાભાઈ, હું તો ફિલ્મ જોવા જાઉં છું. પણ પેલા મોરભાઈએ સલાહ આપી કે ઓનલાઈન બુકીંગ કરાવીને જ જાવ. કદાચ ત્યાં જઈને ટિકિટ ન મળે તો! એટલે તમારી પાસે આવ્યો છું."

"શું વાત છે ! તો તમારે ફિલ્મ જોવા જવું છે એમ ને ! લો હમણાં જ બુકીંગ કરી આપું. પણ હવે તો ઓનલાઈન બુકીંગ કરવું ખૂબ સહેલું છે. આ જુઓ, હવે તો મોબાઈલ વડે ઘડીભરમાં કોઈપણ કામ ચપટી વગાડતાં જ થઈ જાય છે. આ જુઓ, તમે પણ શીખી લો. તમને કામ લાગશે." - મોબાઈલમાં ઓનલાઈન બુકીંગની સમજ આપતાં કાગડાભાઈએ કહ્યું.

"બસ! આટલું સરળ! હવે તો હું જાતે જ કરી લઈશ. હવે હું નીકળું. પાછી ફિલ્મ શરૂ થઈ જશે ને હું મોડો પડીશ." - એમ કહેતાં પોપટભાઈ ઉપડ્યા ફિલ્મ જોવા. એમના આનંદનો પાર નહોતો. આજે એમનું ફિલ્મ જોવાનું સ્વપ્ન પૂરૂ થવાનું હતું. સરસ મજાની સીટ પર તેઓ ગોઠવાઈ ગયા. સૌ કોઈની નજર પોપટભાઈ તરફ હતી. પોપટભાઈએ યાદગીરી માટે સેલ્ફી પણ લીધી. થોડા સમયમાં ફિલ્મ શરૂ થઈ.

મોટા પડદા પર ફિલ્મ જોવાની મોજ પડી. એય પોપકોર્ન ખાતાં ખાતાં ફિલ્મ જોઈ ને હરખાતાં હરખાતાં પાછા જંગલ તરફ ઊડયા ને બોલવા લાગ્યા,

**'આંખે ચશ્માં પહેર્યાજી;**
**હરી-ફરીને આવ્યાજી;**
**સિનેમાઘર ગયાજી;**
**ફિલ્લમ જોઈ આવ્યાજી.'**

Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# ભારતની મોટી રાજદ્વારી જીત, મોદી-શી જિનપીંગ વચ્ચે થયેલી સહમતિને લાગુ કરવા બંને નેતા તૈયાર



નવીદિલ્હી,તા.૧૯

ચીને કહ્યું હતું કે તે રશિયામાં બ્રિક્સ સમિટ દરમિયાન તેમની બેઠકમાં પ્રમુખ શી જિનપિંગ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે મુખ્ય મુદ્દાઓ પર બનેલી સર્વસંમતિને અમલમાં મૂકવા માટે તૈયાર છે. બ્રાઝિલમાં જી-૨૦ સમિટની બાજુમાં મોદી અને શી વચ્ચેની મુલાકાતની શક્યતા વિશે પૂછવામાં આવતા, ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા લિન જિયાને કહ્યું, રાષ્ટ્રપતિ શી જિનપિંગે તાજેતરમાં કઝાનમાં યોજાયેલી બ્રિક્સ સમિટની બાજુમાં વડા પ્રધાન મોદી સાથે મુલાકાત કરી હતી. ચીનના મુખ્ય મુદ્દાઓ પર બંને દેશોના નેતાઓ વચ્ચે થયેલી સર્વસંમતિને અમલમાં મૂકવા, સંવાદ અને સહયોગ વધારવા અને વ્યૂહાત્મક પરસ્પર વિશ્વાસને પ્રોત્સાહન આપવા માટે ભારત સાથે મળીને કામ કરવા તૈયાર છે, તેમણે કહ્યું. જિયાને કહ્યું કે તેમને નેતાઓ અને અધિકારીઓ વચ્ચેની બેઠકના શેડ્યૂલ વિશે કોઈ માહિતી નથી.

# 'એક દેશ એક ચૂંટણી' ખરડો સંસદના શિયાળુ સત્રમાં રજુ કરાય તેવી સંભાવના



નવીદિલ્હી,તા.૧૯

ફરી એક વખત રાજકીય લડાઈ હવે સડકથી સંસદ વ્યક્ત જશે. મહારાષ્ટ્ર અને ઝારખંડના વિધાનસભાના મતદાનની આવતીકાલે સમાપ્તી અને તા.૨૩ના ગણતરી બાદ તા.૨૫ નવેમ્બરથી સંસદનું શિયાળુ સત્ર શરૂ થશે અને આ સત્ર અનેક રીતે મહત્વપૂર્ણ બની રહેશે.લોકસભા ચૂંટણી બાદ યોજાયેલી ધારાસભાની ચૂંટણીઓના પરિણામોની હવે સંસદના શિયાળું સત્રની અસર થશે.

ખાસ કરીને આ સત્રમાં વિવાદ બની શકતા વકફ બોર્ડ ખરડા ઉપરાંત સૌથી મહત્વના અને દૂરગામી અસર કરનારા 'એક દેશ એક ચૂંટણીના' ખરડાને સંસદના શિયાળુ સત્રમાં રજુ કરાશે. મોદી સરકાર ૨૦૨૯ની લોકસભા ચૂંટણી સમયે જ ખુદજ પુર્વ તૈયારી અને બંધારણના સુધારા-રાજકીય બહુમતી સામે જરૂરી આ પ્રસ્તાવને પુરી રીતે અમલ કરી શકાય તે રીતે આગળ વધવા માંગે છે.

અમો દરેક તબકકે ચર્ચા માટે તૈયાર છીએ. આ માટે બંધારણ સુધારા ખરડો જે બંધારણની કલમ ૮૩ (લોકસભાની મુદત) અને કલમ ૧૭૨ (રાજય વિધાનસભાઓની મુદત) અંગે તે મુકાશે.

તેઓએ જણાવ્યું કે આ માટે રાજય વિધાનસભાઓના સમર્થનની જરૂર નથી. આ ઉપરાંત સ્થાનિક ચૂંટણીઓમાં પણ જરૂરી સુધારા માટે બંધારણની કલમ ૩૨૫ અને ૩૨૪ એ માં સુધારા થશે જેમાં રાજય સરકારોના સમર્થનની જરૂર રહેશે.

# ચલાલા ગાયત્રી સંસ્કાર ધામ ખાતે આંધ્રપ્રદેશથી ત્રણ વાછડીનું આગમન



ચલાલા,તા.૧૯

ચલાલામાં યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ખાતે આંધપ્રદેશના કાકીનાડાની ગૌશાળામાંથી વિશ્વની સૌથી નાની ત્રણ ગાયોનું આગમન થયું છે. આ ગાયોનું ઉમળકાથી ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં પૂ. ડો. રતિદાદા, મહેશભાઈ મહેતા (ભારત ભૂષણ), મંજુબા, શીતલબેન તેમજ શ્લોકભાઈએ ગાયોને તિલક, ચોખા, હાર પહેરાવી આરતી ઉતારીને પૂજા કરી હતી. આ તકે સમગ્ર સંસ્થાના સ્ટાફગણ તથા બાળકોએ પણ ગાયોનું સ્વાગત કર્યું હતું.

# પાક.ના ખૈબર પખ્તુનખ્વામાં ભીષણ અથડામણમાં ૯ આંતકવાદીઓ અને ૮ સુરક્ષાકર્મીઓના મોત



ઈસ્લામાબાદ,તા.૧૯

પાકિસ્તાનના ઉત્તર-પશ્ચિમ પ્રાંત ખૈબર પખ્તુનખ્વામાં મોડી રાત્રે સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે ભીષણ અથડામણ થઈ હતી, જેમાં ઓછામાં ઓછા ૯ આતંકવાદીઓ અને ૮ સુરક્ષાકર્મીઓ માર્યા ગયા હતા. આ એન્કાઉન્ટર ખૈબર જિલ્લાના તિરાહ મેદાન ખીણમાં આતંકવાદ વિરોધી ઓપરેશન દરમિયાન થયું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર આ ઓપરેશન દરમિયાન લશ્કર-એ-ઈસ્લામના બે મહત્વપૂર્ણ કમાન્ડર પણ માર્યા ગયા હતા. અથડામણમાં ૭ સુરક્ષા જવાનો અને ૬ આતંકીઓ ઘાયલ થયા છે. સુરક્ષા દળોએ ત્રણ અલગ-અલગ પોઈન્ટ પર પોતાની જાતને તૈનાત કરી દીધી હતી અને કેટલાક કલાકો સુધી ઓપરેશન ચાલુ રહ્યું હતું. સ્થાનિક સૂત્રોએ જણાવ્યું કે આ ઓપરેશનમાં નજીકના કેટલાક નાગરિકો પણ ઘાયલ થયા છે. સુરક્ષા દળોએ આતંકવાદીઓ વિરુદ્ધ કાર્યવાહી તેજ કરી છે. ઓપરેશન ચાલુ રહેવાથી આ એન્કાઉન્ટરમાં મૃત્યુ અને ઈજાગ્રસ્તોની સંખ્યા વધી શકે છે.

# પેરીસથી દિલ્હી આવતી ફ્લાઈટને પાયલોટ જયપુરમાં મુકી જતો રહ્યો

જયપુર,તા.૧૯

પેરિસથી દિલ્હી આવી રહેલી એર ઈન્ડિયાની ઈન્ટરનેશનલ ફ્લાઈટના પાઈલટે તેને જયપુરમાં મુકીને જતો રહ્યો હતો. પાયલોટે કહ્યું કે તેની ડ્યૂટી પૂરી થઈ ગઈ છે. ફ્લાઈટમાં સવાર ૧૮૦થી વધુ મુસાફરો જયપુર એરપોર્ટ પર ૯ કલાક સુધી પરેશાન રહ્યા હતા. આ પછી તેમને રોડ માર્ગે દિલ્હી મોકલવામાં આવ્યા હતા. એર ઈન્ડિયાની ફ્લાઈટ AI-૨૦૨૨ રવિવારે રાત્રે ૧૦ વાગ્યે પેરિસથી દિલ્હી માટે રવાના થઈ હતી. સોમવારે સવારે ૧૦.૩૫ વાગ્યે દિલ્હી પહોંચવાનું હતું. ખરાબ હવામાનને કારણે ફ્લાઈટ દિલ્હીમાં લેન્ડ થઈ શકી ન હતી. એર ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમની સૂચના પર, પાઈલટે ૧૨:૧૦ વાગ્યે જયપુર એરપોર્ટ પર ફ્લાઈટને લેન્ડ કરી. પાયલોટે ડ્યુટી ટાઈમ પૂરો થવાનું કારણ આપી પ્લેન છોડી દીધું હતું.

# લાઠીના ચાવંડ ગામે મહિલાને છરી બતાવી મકાન સળગાવી દેવાની ધમકી આપી

**લોખંડનો પાઇપ મારી માટલું, મોબાઇલ ફોન તોડી નાંખ્યો**

લાઠી, તા.૧૯

લાઠીના ચાવંડ ગામે રહેતી એક પરિણીતાને છરી બતાવી મકાન સળગાવી દેવાની તથા જાનથી મારવાની ધમકી આપી હતી. ઉપરાંત ગાળો આપી માટલું તથા મોબાઈલ તોડી નાંખ્યા હતા. બનાવ સંદર્ભે અનીશાબેન ઈરફાનભાઈ શાહ (ઉ.વ.૩૦)એ લાલો ઉર્ફે વાણીયા ગોરખભાઈ આહીર સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના જેઠને આરોપી સાથે બાબરા ગામે ફોરવ્હીલ ચલાવવા બાબતે સામાન્ય બોલાચાલી થઈ હતી. તે બાબતનું મનદુઃખ રાખી આરોપીએ લોખંડની પાઈપ લઈ તથા બે અજાણ્યા ઈસમોએ છરી તથા લાકડાનો ધોકો લઈ તેમના ઘરમાં ગેરકાયદે પ્રવેશ કર્યો હતો. ફળીયામાં તેમજ ઓસરીમાં જઈ તોડ ફોડ, દેકારો કરતા તેઓ તેમજ સાહેદો જાગી જતા આરોપીને ગાળો બોલવાની ના પાડતા જેમ ફાવે તેમ ગાળો આપી હતી. તેમજ પોતાના હાથમાં રહેલી લોખંડના પાઈપથી પાણીયારામાં રહેલ ગોળો ફોડી નાંખ્યો હતો. મોબાઈલ ફોનવાળા હાથ પર પાઈપનો એક ઘા મારી મોબાઈલ તોડી નાંખીને તેમના જેઠ રફીકભાઈને બહાર કાઢો તેમ કહી ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આરોપીની સાથે આવેલા અજાણ્યા ઈસમે તેને છરી બતાવી આટલી જ વાર લાગશે તેમ કહ્યું હતું. તેમજ તેમના જેઠને જાનથી મારી નાખવાની ચીમકી આપી ત્રણેય આરોપીઓ મકાન સળગાવી દેવાની ધમકી આપી હતી.

# વડિયાથી બાટવા દેવળી રોડની હાલાકી મુદ્દે કોંગ્રેસે રામધૂન, સુત્રોચ્ચાર કર્યા




વડીયા,તા.૧૯

અમરેલી જિલ્લાના વડિયાથી બાટવા, દેવળી રોડ છેલ્લા ત્રણ વર્ષથી બિસ્માર હાલતમાં છે. આ રસ્તા મુદ્દે મીડિયા અને સોશિયલ મીડિયા દ્વારા અનેકવાર અહેવાલો પ્રસિદ્ધ કર્યા પછી તંત્ર દ્વારા મંજુર કરવામાં આવ્યો છે અને હાલ ચોમાસાની ઋતુ ચાલતી હોય વરસાદના કારણે આ રસ્તો બની શકે નહિ તેથી નવરાત્રી બાદ નવો રસ્તો બનાવાશે તેવી હૈયા ધારણ આપી હતી. તે તમામ મૂદતો પૂર્ણ થતા આ રસ્તે થી પસાર થતા ખેડૂતો, દર્દીઓ અને સ્થાનિક લોકોને પડતી હાલાકી જોઈને ફરી મીડિયા દ્વારા અવાજ ઉઠાવવામાં આવ્યો હતો. ત્યારબાદ સ્થાનિક કોંગ્રેસના હોદેદારો દ્વારા બે દિવસ પેહલા એક સોશ્યલ મીડિયામાં મેસેજ વાઈરલ કરી આ રસ્તા બાબતે રામધૂન, સુત્રોચ્ચાર જેવા કાર્યક્રમનું આયોજન કરેલ હોય તેમાં લોકોને જોડાવા અપીલ કરવામાં આવી હતી. જોકે નિયત કરેલા સ્થળે અને સમયે ગણ્યા ગાંઠ્યા જ કોંગેસના આગેવાનો બેનર સાથે આવીને સુત્રોચ્ચાર કર્યો હતો. આ કાર્યક્રમમાં તાલુકા કોંગ્રેસના પ્રમુખ રવજીભાઈ પાનસુરીયા, જિલ્લા કિસાન કોંગ્રેસના પ્રમુખ સત્યમ મકાણી, જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્ય ધર્મેન્દ્ર પાનસુરીયા, જિલ્લા યુવા કોંગ્રેસના ઉપપ્રમુખ જુનેદ ડોડીયા, દિલીપભાઈ શીંગાળા અને અન્ય લોકો જોડાયા હતા.

# કોડીનાર પોલીસે નેગોશિએબલ ઈન્સ્ટુમેન્ટ એકટના કેસમાં એક વર્ષથી નાસતા ફરતા આરોપીને ઝડપ્યો



તસવીર : ધર્મેશ પાઠક

ઉના, તા.૧૯

કોડીનાર પોલીસ ટીમે બાતમીના આધારે મહુવાની કોર્ટે નેગોશિએબલ ઈન્સ્ટુમેન્ટ એકટના કેસમાં એક વર્ષથી નાસતા ફરતા કેદીને ઝડપી પાડ્યો હતો. એક વર્ષની સાદી કેદ તથા ચેકની દોઢી રકમ વળતર પેટે ચુકવી આપવાના હુકમનો આરોપી અસરફભાઈ હનીફભાઈ લીલાણી ઉવ.૨૭ રહે,કોડીનાર,જીન પ્લોટ,જાનું નગર તા,કોડીનાર વાળો હાલ પાણીદરવાજા ખાતે હાજર હોવાની હકીકત આધારે તપાસ કરતા સદર આરોપી મળી આવતા કાયદેસરની કાર્યવાહી કરી નામદાર મહુવા કોર્ટ હવાલે મોકલી આપવામાં આવ્યો હતો.

# કોડીનારના ઘાટવડ ગામે તબેલામાં ખાબકેલી સિંહણને ભેંસોએ શિંગડે ભરાવી



તસવીર : કૈલાશ ભટ્ટ

ઉના, તા.૧૯

કોડીનારના ઘાટવડ ગામે વાડી વિસ્તારમાં ભેંસોના તબેલામાં સિંહણે ઉપર થી કૂદકો મારી અંદર પ્રવેશ કર્યો હતો. ત્યારે એક ભેંસોએ શિંગડે ચડાવી હતી. ભેંસોના તબેલામાં સિંહણ અંદર પ્રવેશ કર્યા બાદ એક ભેંસં પોતાનાં શિંગડા ચડાવતા સિંહણ ભડકી હતી અને તબેલામાંથી બહાર દોટ મુકી નાસી છૂટી હતો. આ સમગ્ર ઘટના મોબાઈલમાં કેદ થયેલ જે સોશ્યલ મીડિયામાં વાયરલ થઈ હતી.

# બગસરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ટીબીના દર્દીઓને પોષણ કીટનું વિતરણ





અમરેલી,તા.૧૯

પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અંતર્ગત પૌષ્ટિક આહાર માટે બગસરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારના ટીબીના તમામ દર્દીઓને પોષણ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતુ. બગસરા તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર, મેલ સુપરવાઈઝર, સી.એચ.ઓ. તથા એમ.પી.એચ.ડબલ્યુ.ના સંયુક્ત પ્રયાસથી જાન્યુઆરી-૨૦૨૪થી હાલ સુધીના તમામ નોટિફાઈડ ક્ષય રોગના દર્દીઓને પોષણ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતુ. આ તમામ કામગીરીમાં સીનીયર ટ્રીટમેન્ટ સુપરવાઈઝર સમીરભાઈ ગોંડલીયા તથા તાલુકા હેલ્થ ઓફિસર ડો. બલદાણીયા સહિતનાઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

**જાહેર નોટીસ**

આથી હું નિચે સહી કરનાર એડવોકેટ કેતન પી. વૈયાટાએ લાગતા વળગતા સર્વોને આ નોટીસથી જાણ/તાકીદ કરૂ છુ. કે, અમારા પાસેથી અમારા અસીલ **શ્રી વિપુલભાઈ નાગજીભાઈ વાઢેલ અને શ્રી દિનેશભાઈ નાગજીભાઈ વાઢેલ** રહે.ગામ -પાટણા, તા. ગઢડા, જી.બોટાદ વાળાની મિલ્કત કે જેનુ વર્ણન નિચે પ્રમાણે છે.

પાટણા ગામે ગ્રામ પંચાયત કચેરી પાટણા ગામની હદમાં આવેલ રહેણાંક મિલ્કત જેની વિગત નીચે પ્રમાણે છે.

**''પાટણા ગામ''** મા આવેલ રહેણાંક હેતુ માટેની બિનખેતીમાં ફેરવાયેલ પ્લોટની જમીન

**''રે.સં.નં. ૧૯૫ પૈકી, બિનખેતી પ્લોટ નં ૯, જેના ૨૯૨.૭૫ ચો.મી. જે ૩૫૦.૧ ચો વાર અને પ્લોટ નં.૮, જેના ૫૨૦.૨૭ ચો.મી. જે ૬૨૨.૨ ચો.વાર છે.**

**રજી. ફારગતી દસ્તાવેજ નં.૭૨૩, તા. ૨૦/૭/૨૦૧૯**

ઉપરોકત મિલ્કત અમારા અસીલશ્રી ના પિતાજી ગુ. નાગજીભાઈ માનસંગભાઈ વઢેલ એ ભરતભાઈ બાવભાઈ ધાધલ પાસેથી વેચાણ દસ્તાવેજ નં. ૧૭૭/૧૯૯૨ થી ખરીદ કરેલ હતી. અમોના પિતાજી નાગજીભાઈનુ અવસાન થતા વારસાઈ રૂએ અમારા અસીલ તથા તેની ૬ બહેનોના નામ ઉપરોકત મિલ્કત આવેલ. ત્યારબાદ અમોના અસીલના બહેન ૧. ભાવનાબેન નાગજીભાઈ વાઢેલ, ૨.વર્ષાબેન નાગજીભાઈ વાઢેલ, ૩. ગંગાબેન નાગજીભાઈ વાઢેલ, ૪. દયાબેન નાગજીભાઈ વાઢેલ, ૫. સરોજબેન નાગજીભાઈ વાઢેલ ઉપરોકત તમામના અને પોતે જાતે **કુ.મુ.શામુબેન નાગજીભાઈ વાઢેલ નાઓ રજી.ફારગતી દસ્તાવેજ નં.૭૨૩, તા.૨૦/૭/૨૦૧૯**થી અમારા અસીલની તરફેણમાં ઉપરોકત મિલ્કતમાંથી હકક જતો કરેલ છે. અને સદરહું કુલ મુખત્યારનામું નોટરાઈઝડ વકિલ શ્રી જશવંતરાય એમ. શેઢ મું. ગઢડા સમક્ષ રજી. નં ૩૬૭૬/૨/૩, તા. ૧૦/૭/૨૦૧૯ નોટરી રજીસ્ટર થયેલ છે. જે રજી. કુલમુખત્યારનામું ઉપરોકત રજી.ફારગતી લેખ સમયે અસ્તિત્વમાં હતુ. તેઓએ આ મિલ્કત સંદર્ભ અમારી પાસે ટાઈટલ કલીયર રિપોર્ટ માંગેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં કોઈ ઈશમ/ વ્યકિતનું કે કોઈપણ નાણાકિય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી સંસ્થાનુ હિત સમાયેલુ હોય, કે ઉપરોકત મિલકત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામા આવેલ હોય, અથવા તો ઉપરોકત રજી. ફારગતી દસ્તાવેજ કર્યા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર દ્વારા રદ કરવામાં આવેલ હોય, તો નોટીસ પ્રસિધ્ધ થયા ને દિન-૩ માં લેખિત આધાર પુરાવા સાથે નિચે જણાવેલ સરનામે રજી.એડી. પોસ્ટથી જણાવવુ, અન્યથા તે અંગે કોઈ હરકત, વાંધો, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વચ્છાએ જતા (વેવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ રિપોર્ટ/એન.ઓ.સી. ઈશ્યુ કરવામા આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈજ તકરાર ગ્રાહય રાખવામા આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોધ લેવી.

તારીખ -૧૯/૧૧/૨૦૨૪
અમરેલી.
ઓફીસ નં.૫૯, સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ અમરેલી.
મો-૯૩૫૭૫૭૦૧૧૬

**કેતન પી. વૈયાટા**
**એડવોકેટ**

# ઉનામાં બાઈકમાં આગ લાગતા બળીને ખાક

ઉના, તા.૧૯

ઉનામાં એક યુવાન પોતાની બેટરી વાળી બાઈક લઈને જતો હતો તે દરમિયાન અચાનક બાઈકમાંથી ધૂમાડો નીકળવા લાગ્યો હતો. જેથી બાઈક ચાલકે બાઈક રોકી સ્ટેન્ડ પર ઊભી રાખી અને ડેકી ખોલવા પ્રયાસ કર્યો પરંતું ડેકી ખુલી નહી અને વધુ ધુમાડા સાથે આગ ભભુકી ઉઠી હતી. ત્યાંજ જોત જોતામાં બાઈક આગમાં લપેટાઈ ગયેલ અને આખે આખી બાઈક આગમાં સળગી ઉઠી હતી.

**-//મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં//-**

**જાહેર નોટીસ**

નં.જન્મ નોંધણી /અરજી નં.૨૦૨/૨૦૨૪

અરજદારશ્રી:- .......૧. ગોરધનભાઈ ભુરાભાઈ ભંડેરી
રહે. ૬૧ મહાવીર સોસાયટી,પુણા ગામ ચોર્યાસી બોમ્બે માર્કેટ સુરત

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:-........ ૧. તલાટી કમ મંત્રીશ્રી સીમરણ તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર નરેશ ગોરધનભાઈ ભંડેરીનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૯ના રોજ મું.સીમરણ,જી. અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે.તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા. ૨૨/૧૦/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં//-**

**જાહેર નોટીસ**

નં.જન્મ નોંધણી /અરજી નં.૨૦૮/૨૦૨૪

અરજદારશ્રી:- .......૧. પ્રાગજીભાઈ હીરજીભાઈ ધંધુકીયા
રહે. સીમરણ તા.સાવરકુંડલા જિ.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:-........ ૧. તલાટી કમ મંત્રીશ્રી સીમરણ તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર રસીકભાઈ પ્રાગવજીભાઈ ધંધુકીયાનો જન્મ તા.૦૩/૦૮/૧૯૭૪ ના રોજ મું. સીમરણ,જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે.તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા. ૨૨/૧૦/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**

**કારમાં સવાર લોકોની ચીસોથી આસપાસના લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા**

# શુકલતીર્થ યાત્રાએ જતા લોકોને નડ્યો અકસ્માત : ૭ના મોત

**ઈકો કાર ધડાકાભેર બંધ પડેલા ટ્રક પાછળ ઘુસી ગઈ**

ભરૂચ,તા.૧૯

જબુંસર નગરના લોકો શુકલતીર્થ યાત્રાએ જતા સમયે મંગણાદ નજીક હાઈવે ઉભેલી ટ્રકની પાછળ ઈકોવાન ધડાકા ભેર અથડાતાં અકસ્માત સર્જાયો હતો.જેમાં બાળકો,મહિલા અને પુરૂષો સહિત ૧૦ લોકોમાંથી ૬ લોકોના મોત નિપજ્યા હતા. જ્યારે ચાર લોકોને ગંભીર હાલતમાં પહેલા જબુંસર અને ત્યાંથી વડોદરા ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં વધું એક મહિલાનું મોત નીપજ્યું હતું. જેથી મૃત્યુ આંક સાત પર પહોંચ્યો છે. તો આમોદના માતર એક્સપ્રેસ વે પર અકસ્માતનો એક બીજો પણ બનાવ બન્યો છે. પરિવાર કચ્છથી મુંબઈ જતો હતો ત્યારે ચાલકને ઝોકુ આવતાં કાર અન્ય કાર સાથે ભટકાઈ હતી. જેમા્ એક મહિલા અને એક પુરુષનું મોત થયું છે. જ્યારે બેથી વધુ લોકોની ઈજાઓ પહોંચી છે. જબુંસર તાલુકાના વેડચ,પાંચકડા અને ટંકારી બંદરના સગા સંબંધીઓએ ભરૂચ તાલુકાના શુકલતીર્થ ગામે જાત્રા અને મેળામાં જવાનું નક્કી કર્યું હતું.તેઓ કુલ ૧૦ લોકો ગતરોજ રાત્રીના ઈક્કોકાર લઈને ભરૂચ તરફ જવા નીકળ્યા



હતા.તેઓ જબુંસર-આમોદ માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા. તે સમયે તેઓને મંગણાદ નજીક હાઈવે પર એક ટ્રક ચાલકની ટ્રકનું પંચર પડ્યું હોય તેઓ ગાડીને ઉભી રાખી ટાયર બદલતા હતા.તે સમયે જબુંસરના લોકોની ઈક્કોકાર ધડાકાભેર ઉભેલી ટ્રક પાછળ અથડાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં કારમાં સવાર લોકોની ચીસોથી આસપાસના લોકો પણ તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા. જોકે અકસ્માત એટલો ભયાનક હતો કે,જેમાં કારમાં સવાર લોકો ઈક્કોકારમાં ફસાઈ ગયા હતાં.અકસ્માતની જાણ થતા જ જબુંસરના પીઆઈ એ.વી. પાનમિયા તેમના સ્ટાફ સાથે સ્થળ પર પહોંચી સ્થાનિકોની સાથે રાહત કામગીરી હાથ ધરી હતી. જેમાં કારમાં ફસાયેલા લોકોને કારને પરાઈ વડે અને પતરા ચીરીને લોકોને બહાર કાઢ્યા હતા.જેમાં પાંચ લોકોના તો સ્થળ પર જ મોત નિપજ્યા હતા જ્યારે અન્ય લોકોને તાત્કાલિક સારવાર અર્થે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે જબુંસરની રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. ઘટનાની જાણ થતા ધારાસભ્ય ડી.કે.સ્વામી અને ડીવાયએસપી પી.એન. ચૌધરી પણ હોસ્પિટલમાં દોડી આવ્યા હતાં. હોસ્પિટલમાં સારવારમાં એક અન્ય વ્યક્તિનું મોત થતા મૃત્યુઆંક ૦૬ પર પહોંચ્યો હતો. જોકે અન્ય વ્યક્તિઓને વધુ સારવારની જરૂર હોય વડોદરા હોસ્પિટલમાં રીફર કરાયા હતાં.જેમાં પણ એક મહિલાનું મોત થતાં કુલ ૦૭ લોકો મોતને ભેટ્યા છે.

## બિનખેતીની પરવાનગીને ત્વરિત બનાવવા મુખ્યમંત્રીનો નિર્ણય

ગાંધીનગર,તા.૧૯



રાજ્યમાં કોઈ પણ હેતુ માટે અગાઉ **N.A.** થયેલી જમીનની કોઈપણ દરખાસ્ત પુનઃ હેતુફેર માટે જિલ્લા કલેકટર સમક્ષ રજૂ થાય ત્યારે જો પ્રિમીયમ વસુલાત પાત્ર હોય અને અગાઉના બિનખેતીના નિર્ણય વખતે પ્રિમિયમ વસૂલ કરવાનું રહી ગયું હોય તેવા કિસ્સામાં હાલ આવું પ્રિમીયમ પ્રવર્તમાન જંત્રી દરના ૩૦ ટકા પ્રમાણે વસૂલ કરવાની પ્રથા અમલમાં છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ આ સંદર્ભમાં સમાજના વિવિધ વર્ગો દ્વારા થયેલી રજૂઆતોનો સકારાત્મક પ્રતિસાદ આપતાં તેમણે મહેસુલ વિભાગને દિશા નિર્દેશો આપ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એવો નિર્ણય કર્યો છે કે, ભૂતકાળમાં પ્રતિબંધિત સત્તા પ્રકાર અને નવી અને અવિભાજ્ય શરતની જમીનમાં પ્રિમીયમની રકમ વસુલવાપાત્ર હતી પણ તે રકમ વસુલ કર્યા વિના બિનખેતી પરવાનગી આપવામાં આવેલ છે તેવી જમીનમાં હાલના અરજદાર-કબ્જેદાર પાસેથી પ્રવર્તમાન જંત્રી કિંમતના ૧૦% પ્રિમીયમની રકમ વસુલ કરીને રીવાઈઝ્ડ બિનખેતીની પરવાનગી આપવાની રહેશે. એટલું જ નહીં, જે કિસ્સાઓમાં પ્રિમીયમ વસૂલાતનો અગાઉ નિર્ણય થઈ ગયેલો હોય તેવા કિસ્સાઓમાં આ નિર્ણય લાગુ કરવામાં આવશે નહીં.મુખ્યમંત્રીના આ નિર્ણયને પરિણામે રાજ્યમાં રિવાઈઝડ બિન ખેતી પરવાનગીની પ્રક્રિયામાં પારદર્શિતા તથા ત્વરિતતા આવશે તેમજ રિડેવલપમેન્ટ પ્રક્રિયાને પણ વેગ મળશે.

**અમરેલી તાલુકામાં રાત્રીનાં સમયે પોલીસ પેટ્રોલીંગ વધારવા ગ્રામજનોની માંગ**

## નાના ભંડીયારામાં તસ્કરોનો આતંક, અંબાજી મંદિરને નિશાન બનાવ્યુ

અમરેલી,તા.૧૯

અમરેલી તાલુકામાં પોલીસની નિષ્ક્રીયતાને કારણે તસ્કરો સક્રિય બન્યા છે. વાડી વિસ્તાર કે મંદિરોમાં થતી ચોરીઓને કારણે લોકોમાં ભારે રોષ ફેલાયો છે. અમરેલી તાલુકાના નાના ભંડારીયામાં આવેલા અંબાજી મંદિરમાં તસ્કરોએ એક વર્ષમાં ચાર વખત ચોરી કરી પોલીસને પડકાર ફેંક્યો હતો. અમરેલી તાલુકાના નાના ભંડારીયા ગામે આવેલા અંબાજી મંદિરમાં દાનપેટીમાં તસ્કરોએ



ચોરી કર્યાની ઘટના સામે આવતા ગ્રામજનોમાં રોષનો માહોલ છવાયો હતો. ફરીયાદી સરપંચ નરેશભાઈ ત્રાપસીયાએ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે કે, ગામમાં આવેલ અંબાજી મંદિર જે ભક્તિધામના નામે ઓળખાય છે તેમાં ગત રાત્રીના અજાણ્યા તસ્કરોએ દાનપેટીમાથી ચોરી કરી ફરાર થઈ ગયા હતા. દાન પેટીમાં અંદાજે રૂા.૧૫ હજાર જેટલી રકમ હોવાનો અંદાજ છે. નાના ભંડારીયામાં તસ્કરોને મોકળુ મેદાન મળી ગયુ છે. પોલીસ પેટ્રોલીંગના નામે કોઈ જ કામગીરી થતી ન હોવાથી ચોરી,લૂંટ જેવી ઘટનાઓએ માઝા મુકી છે ત્યારે બેફામ બનેલા તસ્કરોને તાત્કાલિક ઝડપી પોલીસ કડક કાર્યવાહી કરે તેવી માંગ કરવામાં આવી છે.

**રામજીમંદિર, શિવ મંદિરમાં પણ ચોરી**

**અમરેલી તાલુકાના નાના ભંડારીયા ગામે તસ્કરો મંદિરોને નિશાન બનાવી રહ્યાં છે. ભુતકાળમાં ગામમાં આવેલા રામજીમંદિર અને શિવમંદિરમાં પણ ચોરી થઈ હતી. જો કે તસ્કરોને પોલીસનો કોઈ જ ડર ન હોવાથી તસ્કરો બિન્દાસ્ત મંદિરોમાં ચોરી કરી રહ્યાં છે. પોલીસની નિષ્ક્રિયતાને કારણે તસ્કરો બેફામ બન્યા છે.**

**વાડીઓમાં પણ કેબલ ચોરી થઈ હતી**

**જાણવા મળતી માહિતી મુજબ ગત વર્ષે નાના ભંડારીયાના વાડી વિસ્તારોમાં સીમચોરો સક્રિય બન્યા હતા. તસ્કરો ખેડૂતોના કેબલ ચોરી ગયા હતા. આમ, તસ્કરોએ જાણે નાના ભંડારીયાને બાનમાં લીધુ હોય તેમ મંદિરો અને વાડીઓને નિશાન બનાવતા હોવાથી આ બાબતે પોલીસ હવે પોલીસ સ્ટેશનમાંથી બહાર નિકળી લોકોની જાનમાલની રક્ષા થાય તેવી કડક કાર્યવાહી કરે તેવી માંગ ઉઠવા પામી છે.**

## પોરબંદરના દરિયાકિનારે સેનાના ત્રણેય પાંખની કવાયત, પાડોશી દેશો પણ હાજર

પોરબંદર,તા.૧૯



ગુજરાત અને સૌરાષ્ટ્રના દરિયાકિનારે વાવાઝોડા વધી રહ્યાં છે. કલાઈમેન્ટ ચેન્જના કારણે પોરબંદરના દરિયાકિનારા નજીક દર વર્ષે વાવાઝોડા ખતરો રહ્યો છે, કારણ કે ગત બે વર્ષ પૂર્વે પોરબંદરમાં આવેલા વાવઝોડાએ ઘણું નુકસાન પહોંચાડ્યું છે. ત્યારે ભારતીય સેના દ્વારા મંગળવારના રોજ એચએડીઆરનો કાર્યક્રમ પ્રથમવાર પોરબંદરના દરિયાકિનારે આયોજન કરાયો હતો.એચએડીઆરનો મુખ્ય હેતુ દરિયાઈ તોફાનો સામે લોકોને કેવી રીતે તાત્કાલિક ભારતીય સેના મદદે આવે છે એનું નિદર્શન પોરબંદરના ચોપાટી હજુર પેલેસ નજીક ભારતીય સેનાના પ્રમુખ ઉપેન્દ્ર દ્વિવેદીના અધ્યક્ષસ્થાને યોજાયું હતું, જેમાં ભારતીય સેનાનાં વાહનો, હેલિકોપ્ટર, રોબોટ, ડ્રોન તથા નેવી એરફોર્સના એરકાફ્ટ, નેવીની શિપ, બોટ, એરક્રાફટ, કોસ્ટગાર્ડના હેલિકોપ્ટર, ડોનિયર વગેરે દ્વારા રાહતબચાવ કામગીરીનું નિદર્શન બતાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પાડોશી દેશોના કયા કયા પ્રતિનિધિ હાજર રહ્યા હતા એ સેના દ્વારા મોડી સાંજે જાહેર કરવામાં આવશે. ચર્ચા મુજબ બાંગ્લાદેશ, શ્રીલંકા, માલદીવ્સ, થાઈલેન્ડ અને વિયેતનામ વગેરે દેશોના સેનાના તથા એ દેશના પ્રતિનિધિ હાજર રહ્યા હતા.

## વાવણી ટાણે જ ખેડૂતોને મુશ્કેલી : અઠવાડીયામાં ખાતરની તંગી દુર કરવા કૃષિમંત્રીની હૈયાધારણા

ગાંધીનગર,તા.૧૯

સમગ્ર ગુજરાતમાં શિયાળુ પાકના વાવેતરનું શરૂ થઈ ગયું છે. પરંતુ રાજ્ય સરકાર દ્વારા અનેક જિલ્લામાં **DAP** ખાતર પૂરતા પ્રમાણમાં પહોંચાડવામાં આવ્યું નથી. એક બાજુ પાકની વાવણીનો સમય થઈ ગયો છે. ત્યાં ખેડૂતોને પૂરતા પ્રમાણમાં ખાતર મળી રહ્યું નથી. ખેડૂતો વહેલી સવારથી ખાતરની લાઈનમાં ઊભા રહે છે અને તેમાં પણ તેમને **DAP** ખાતરની બદલે **NPK**



નામનું ખાતર આપવામાં આવે છે. જેના કારણે ખેડૂતો મુશ્કેલીમાં મૂકાયા છે. રવિ પાકમાં ખાતર ન મળતા ખેડૂતોએ બૂમાબૂમ શરૂ કરી છે. જેને લઈને ખેડૂતો દ્વારા વિવિધ જગ્યાએ રજૂઆત કરવામાં આવી છે. ખેડૂતોની માગણીને ધ્યાન લઈ કૃષિમંત્રીએ પણ તાત્કાલિક ધોરણે ખાતરની વ્યવસ્થા કરાવવાની બાહેંધરી આપી છે.કૃષિમંત્રીએ જણાવ્યું કે, **DAP** સહિતના ખાતરની અછત ઊભી થઈ છે. હાલમાં ખેડૂતો માટે ખેતીની સિઝન છે. કેન્દ્ર પાસેથી પુરતો જથ્થો ફાળવ્યો છે. પરંતુ, કોઈ કારણોસર પૂરતો જથ્થો પહોંચ્યો નથી. એકસાથે વાવેતરની સિઝનથી સમસ્યા ઉભી થઈ છે. એક સપ્તાહમાં ખાતરની સમસ્યા દૂર થઈ જશે.

## ખ્યાતિ કાંડ બાદ ૭ હોસ્પિટલને બ્લેકલિસ્ટ કરતી રાજ્ય સરકાર

અમદાવાદ,તા.૧૯

અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલ કાંડ બાદ રાજ્ય સરકાર એક્શનમાં આવી છે. જેમાં રાજ્યની સાત હોસ્પિટલને બ્લેકલિસ્ટ કરી દેવાઈ છે. તો સાથે જ ચાર સ્પેશિયાલિસ્ટ ડોક્ટરને પણ સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. પીએમજેવાય યોજનામાંથી ખ્યાતિ સહિત સાત હોસ્પિટલોને સસ્પેન્ડ કરી દેવામાં આવી છે. જેમાં અમદાવાદની ૩, સુરત-વડોદરા-રાજકોટની ૧-૧ તથા ગીર સોમનાથની એક હોસ્પિટલનો સમાવેશ થાય છે. સાત હોસ્પિટલની સાથે-સાથે ચાર સ્પેશિયાલિસ્ટ ડોક્ટરોને પણ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જેમાં ડો. પ્રશાંત વઝીરાણી, ડો.હિરેન મશરૂ, ડો.કેતન કાલરિયા અને ડો.મિહિર શાહ છે.

## રાપર નજીક ૪ની તિવ્રતાવાળા ભુકંપથી લોકોમાં ફફડાટ ફેલાયો

રાપર,તા.૧૯

ભૂકંપ સાથે કચ્છને શિયાળાનો સબંધ હોય તેમ હજુ ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે તેવામાં જ રાપરની પશ્ચિમ દિશાએ આવેલા કેન્દ્રબિંદુ પર સોમવારની રાત્રે ૮.૧૮ કલાકે ૪ની તીવ્રતાનો આંચકો આવ્યો હતો. કંપનની તીવ્રતા વધુ હાવાથી પૂર્વ કચ્છના અનેક ગામોમાં તેનો અનુભવ થયો હતો



અને કેટલાક વિસ્તારોમાં લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. ગાંધીનગર સ્થિત ઈન્સ્ટીટ્યૂટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચના જણાવ્યા મુજબ રાપરથી પશ્ચિમ-દક્ષિણ-પશ્ચિમ દિશાએ કણખોઈ પાસે રાત્રે ૮ કલાક ૧૮ મિનિટે ૪ની તીવ્રતાનું કંપન આવ્યું હતું. વાગડ ફોલ્ટ સક્રિય થયો હોય તેમ વધુ એકવાર આવેલા આંચકાનો અવાજ સાથે અનુભવ થતાં લોકો ભયના માર્યા ઘરની બહાર દોડી આવ્યા હતા અને ૨૬ જાન્યુઆરીના ગોઝારા ભૂકંપની યાદો તાજી થઈ હતી.











